# ઝાલાવાડ જૈન દર્શન

(ZALAWAD JAIN DARSHAN) - RNI NO MAHBIL/2021/80571
Vol. No. 24 ❖ Issue : 10 ❖ Pages : ❖ April 2026 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ સંચાલિત તથા
સમાજરત્ન શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત




## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ

## જૈન ધાર્મિક શિક્ષણના પ્રેરક દાતા લીંબડી નિવાસી – હાલ ઘાટકોપર

## માતુશ્રી હીરાબેન મહાસુખલાલ જગજીવનદાસ પારેખ

## હ. શ્રીમતી સુનીલાબેન કમલેશભાઈ પારેખ પરિવાર....





આજે એક અનોખા પરિવારની આગવી ઓળખને બિરદાવવી છે આપણા સમાજનું અહોભાગ્ય છે કે આપણને શ્રી ઝાલાવાડ સંઘ ના ભૂ.પૂ. ઉપપ્રમુખ અને ઘાટકોપર મંડળમાં પ્રમુખ તરીકે સેવા આપતા **સુશિક્ષિત શ્રી કમલેશભાઈ પારેખ** મળેલ છે. આપણી વચ્ચે **'સમાજને માટે કાંઈક કરવું છે'** ની ભાવના સાથે કાર્યરત તેઓ બન્યા છે. સામાન્ય પરિવારની અસામાન્ય વ્યક્તિ જ્યારે સમાજને મળે છે ત્યારે સમાજની પ્રગતી અને વિકાસ માટે આગળ આવે છે ત્યારે સમાજ ચોક્કસપણે વિકાસની કેડીએ આગળ વધે છે.

**લીંબડી નિવાસી હાલ ઘાટકોપર રહેતા માતુશ્રી હીરાબેન મહાસુખલાલ જગજીવનદાસ પારેખના સુપુત્ર શ્રી કમલેશભાઈ પારેખ વતન લીંબડીથી પૂછ વગરની નગરી મુંબઈ આવ્યા.** તેઓએ સી.એ. સુધીનો અભ્યાસ કર્યો. સંઘર્ષ અને પ્રારબ્ધનો સમન્વય થયો. **વઢવાણ નિવાસી માતુશ્રી શાંતાબેન વ્રજલાલ રતીલાલ શાહની લક્ષ્મી જેવી સંસ્કારી કન્યા સુનીલાબેન લીંબડી નિવાસી માતુશ્રી હીરાબેન મહાસુખલાલ જગજીવનદાસ પારેખ પરિવારના ગૃહલક્ષ્મી બની.** ને પિયરનું પાનેતર ઓઢી સંસ્કારીતાના વારસા સાથે પારેખ પરિવારમાં આવ્યા ત્યારથી પારેખ પરિવારના આદર્શ પુત્રવધુ બનીને રહ્યા છે. બન્ને પરિવારોના સંસ્કારોના વારસો જળવાય રહ્યો અને સુશોભિત બન્યો. પ્રબળ પુણ્યોદયે આ સુખી પરિવારમાં સુપુત્ર ભાઈ કેયુરે પરિવારના સંસ્કારના વારસાને જીવનમાં ઉતારેલ છે. અને ચિ. કેયૂરે સી.એ. સુધીનો અભ્યાસ પૂર્ણ કરેલ છે. સ્વતંત્ર કારકીર્દી બનાવી પરિવારનું ગૌરવ વધારેલ છે.

*(અનુસંધાન પાના ૯ પર)*

SYMBOL OF TRUST
દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા
યુનીક જવેલર્સ ™
શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જવેલરીના વેપારી
બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦-૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંન્દા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

# ઝાલાવાડ સમાજનાં ગૌરવવંતા
# ડૉ. શ્રી ચંદ્રકાન્તભાઈ શાહને કેનેડાનું સર્વોચ્ચ નાગરીક સન્માન



ઝાલાવાડ અને અમારા પરિવારનાં ગૌરવવંતા ડૉ. શ્રી ચન્દ્રકાંતભાઈ પદમશી શાહને **કેનેડાનાં સર્વોચ્ચ નાગરીક સન્માન**માંના એક એવા **''ઓર્ડર ઓફ કેનેડા''**થી નિયુક્ત કરી સન્માનીત કરવામાં આવેલ છે. આ નિયુક્તીની જાહેરાત કેનેડાનાં ગવર્નર જનરલ મેરી સિમોન દ્વારા ગત ૩૧ ડિસેમ્બર ૨૦૨૫થી કરવામાં આવી હતી. જેમના યોગદાનથી અન્ય લોકોનું જીવન સમૃદ્ધ થયેલ હોય, રાષ્ટ્રની પ્રગતિમાં જેઓનું નોંધપાત્ર યોગદાન હોય એવી વ્યક્તિઓને **''ઓર્ડર ઓફ કેનેડા''**થી નિયુક્ત કરવામાં આવે છે. ડૉ. શ્રી ચન્દ્રકાંતભાઈ શાહને ઓફિસર શ્રેણીમાંથી **''ઓર્ડર ઓફ કેનેડા''**થી નિયુક્ત કરવામાં આવેલ છે. જે ભારતનાં પદ્મ વિભૂષણની સમકક્ષ માનવામાં આવે છે.

સુરેન્દ્રનગર જિલ્લાનાં લિંબડીનાં વતની ડૉ. શ્રી ચન્દ્રકાંતભાઈનો જન્મ ૭ એપ્રિલ ૧૯૩૬નાં રોજ મહારાષ્ટ્રનાં નંદુરબાર શહેરમાં થયો હતો. તેઓનો ઉછેર અને પ્રાથમિક શિક્ષણ નંદુરબારમાં થયેલ હતું. નાનપણથી જ તેઓને અભ્યાસ પ્રત્યે વિશેષ રૂચી રહેલી હતી. ૧૯૬૧માં અમદાવાદની બીજે મેડિકલ કોલેજમાંથી તેઓએ એમ.બી.બી.એસ.ની ડિગ્રી હાસલ કરેલ હતી. ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે ૧૯૬૨માં તેઓ યુનાઈટેડ સ્ટેટ્સ ગયા હતા. ટોરોન્ટો યુનિવર્સિટી અને હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી તેઓએ ઉચ્ચ અભ્યાસ કરેલ હતો. આખરે તેઓ કેનેડામાં સ્થાયી થયા હતા. કેનેડામાં જાહેર આરોગ્ય નીતિ અને શિક્ષણને ફરી આકાર આપવા સાથે તેઓની લાંબી અને પ્રભાવશાળી કારકિર્દી રહી હતી.

ડૉ. શ્રી ચન્દ્રકાંતભાઈ ૧૯૬૫માં કેનેડા ગયેલ. વાનકુવર જનરલ હોસ્પીટલમાં ઈન્ટર્ન તરીકે આ દેશમાં તેઓની સફર શરૂ થયેલ. ૧૯૭૨માં ટોરોન્ટો યુનિવર્સિટીનાં મેડિસીન ફેક્લટીમાં નવા બનાવવામાં આવેલ નિવારક દવા વિભાગમાં તેઓ પ્રોફેસર તરીકે જોડાયા હતા. એક કેનેડિયન ડૉક્ટર, સંશોધક, સ્વદેશી લોકોનાં સાથી અને સામાજીક કાર્યકર્તા એવા ડૉ. શ્રી ચન્દ્રકાંતભાઈ ટોરોન્ટોનાં **ઈન્ડિજીનીયસ પીપલ્સ (આદિવાસી લોકો)** તેમજ બેઘર, બેરોજગાર અને ગરીબીમાં જીવતા બાળકો - લોકોને પ્રાથમિક આરોગ્ય સંભાળ પૂરી પાડતા હતા. કેનેડાનાં વંચિત લોકોની સેવા કરીને તેઓને આત્મ સંતોષ થતો હતો. બાળરોગ ચિકિત્સક તરીકે, બાળરોગ વિભાગ અને વિશ્વ પ્રસિદ્ધ હોસ્પીટલ ફોર સિક ચિલ્ડ્રન સાથે પણ તેઓને ક્રોસ-એપોઈન્ટ કરવામાં આવેલ હતા. ફેડરેલ સરકાર સાથે સહયોગ સાંધી તેઓએ લુકઆઉટ શહેરમાં એક મેડિકલ હબ સ્થાપેલ હતું.

પરિવારમાં તેમના પત્ની ડૉ. શ્રીમતી સુધાબેન અને પુત્રો શ્રી સુનિલભાઈ અને ડૉ. શ્રી રાજીવભાઈ, આમ તેઓનો એક વેલ એજ્યુકેટેડ પરિવાર રહયો છે. નંદુરબાર સ્થિત શ્રી અજીતનાથ સ્વામી જિનાલયનાં ૧૦૦માં વર્ષે કરવામા આવેલ જિર્ણોદ્ધારમાં અમારા પરિવારનાં યોગદાનમાં ડૉ. શ્રી ચન્દ્રકાંતભાઈનું વિશેષ યોગદાન રહયું હતું. ટોરોન્ટો યુનિવર્સિટીનાં દલ્લા લાના સ્કુલ ઓફ પબ્લિક હેલ્થનાં **પ્રોફેસર એમેરીટસ**, એક નિવૃત ચિકિત્સક,જાહેર આરોગ્ય પ્રેક્ટિશનર અને કેનેડામાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોનાં સ્વાસ્થ્ય અને સુખાકારીમાં સુધારો કરવાના હિમાયતી ડૉ. શ્રી ચન્દ્રકાંતભાઈ ''ટુ ચેન્જ ધ વર્લ્ડ: માય વર્ક વિથ ડાયવર્સિટી, ઈક્વિટી એન્ડ ઈન્કલુઝન ઈન કેનેડા'' સંસ્મરણોનાં તેઓ લેખક છે.

ઉત્કૃષ્ટ વ્યક્તિત્વ, શ્રેષ્ઠ માર્ગદર્શક, ઉત્તમ સંશોધક અને સક્રિયતા માટે સૌના જાણીતા તેઓ એક વ્યક્તિવિશેષ રહયાં છે. વિશેષ ઉપલબ્ધીઓ અને અવિરત કાર્યો માટે તેઓને ઘણા પુરસ્કારોથી નવાજવામાં આવ્યા છે. જેમાં ''ઓર્ડર ઓફ ઓન્ટારિયો, કેનેડિયન પબ્લિક હેલ્થ એસોસિએશન''નો સર્વોચ્ચ પુરસ્કાર ''ડી ફ્રાઈસ એવોર્ડ'' કોલેજ ઓફ ફિઝીશિયન્સ એન્ડ સર્જન્સ ઓફ ઓન્ટારીયો દ્વારા ''આઉટ સ્ટેન્ડિંગ ફિઝીશીયન ઓફ ઓન્ટારીયો'' રહયાં છે. ટોરોન્ટો યુનિવર્સિટી ખાતે ફર્સ્ટ નેશન્સ હાઉસ દ્વારા તેઓને ''ઈગલ ફેધર'' એનાયત કરવામા આવેલ. યુ એફ ટી એ તેમની સેવાઓ માટે ત્રણ અલગ અલગ પુરસ્કારો અને શિષ્યવૃતિ સ્વીકૃત કરેલ છે.

**- શ્રીમતી સુરજબેન પદમશી જશરાજ શાહ પરિવાર**

(સંકલન : ઉપેન્દ્રભાઈ શાહ, મો. ૯૮૬૯૩૬૧૪૧૧)

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ -મુંબઈ**

**-: ચેરમેન એપેક્ષ :-**
સમાજરત્ન શ્રી દિલીપભાઇ ખીમચંદ શાહ

**-: પ્રમુખ :-**
શ્રી મહેન્દ્રભાઇ ચીમનલાલ શાહ

**-: ઉપપ્રમુખ :-**
શ્રી મુકેશભાઇ ઉત્તમચંદ શાહ
શ્રી કિરણભાઇ કાંતીલાલ શાહ

**-: મંત્રી :-**
શ્રી ગીરીશભાઇ કાંતીલાલ શાહ
શ્રી નિલેશભાઇ અનોપચંદભાઇ શાહ
શ્રી મિતેશભાઇ સુભાષભાઇ શાહ

**-: સહમંત્રી :-**
શ્રી રૂપેશભાઇ ચંદ્રકાંતભાઇ શાહ

**-: ખજાનચી :-**
શ્રી કેતનભાઇ કનૈયાલાલ શાહ

**-: સહ ખજાનચી :-**
શ્રી કમલેશભાઇ જયંતભાઇ શાહ

**-: પી.આર.ઓ. ટુ હોદ્દેદાર - કારો.કમીટી :-**
શ્રી શૈલેષભાઇ વીરચંદ શાહ

**-: ટ્રસ્ટીશ્રીઓ :-**
સમાજગૌરવ શ્રી અરવિંદભાઇ કાંતીલાલ શાહ
શ્રી સંજયભાઇ ભાઇલાલ શાહ
શ્રી કુમારભાઇ નગીનદાસ શાહ
શ્રી જયેન્દ્રભાઇ હરીલાલ શાહ
શ્રી બિપીનભાઇ રતીલાલ વોરા
શ્રી પ્રકાશભાઇ રસીકલાલ શાહ
શ્રી મહેન્દ્રભાઇ વૃજલાલ શાહ

**-: પી.આર.ઓ. ટુ ટ્રસ્ટી :-**
શ્રી દિપકભાઇ ગુલાબચંદ ગાંધી

તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ

પરામર્શક : શ્રી ઉપેન્દ્ર રસિકલાલ શાહ

**રજી. ઓફીસ**
શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની,
મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડગ, બીજે માળે,
૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

**વહીવટી ઓફીસ :** ન્યુ ઈંડિયા હાઈટ્સ,
૮મે માળે, જીવનધામ સોસાયટી પાસે,
ઓલ્ડ પોલીસ લેન, અંધેરી (ઈસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૬૯

**કામકાજનો સમય : ૧૧.૦૦ થી ૬.૦૦**

**મો. : ૯૧૩૭૩૪૨૮૧૮**

**ડીજીટલ ઝાલાવાડ : ૯૦૭૬૩૪૨૮૧૮**
**ઝાલા.જૈન સગપણ સેતુ : ૯૮૧૯૩૪૨૮૧૮**

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહ . લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહ તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**

**છૂટક મુલ્ય રૂા.૩/-**

**Email :**
**zalawadjainsangh@gmail.com**
**Website :**
**www.zalawadjainsangh.org**

**-: મુદ્રક :-**
ભાવિન શરદભાઈ ગાંધી
રાજેશ પ્રિન્ટરી, મુંબઈ - ૪૦૦ ૦૧૧
મો : ૯૮૬૭૫૪૦૫૨૪

## તંત્રી સ્થાનેથી....

શ્રી ઝાલાવાડી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ-મુંબઈ સંચાલિત ઝાલાવાડ ''જૈન દર્શન પત્રિકા'' શરૂ કર્યા ને આગામી મે માસમાં ૫૦ વર્ષ પૂર્ણ થઈ રહેલ છે. ''ઝાલાવાડ જૈન દર્શન'' નો પ્રથમ અંક એપ્રિલ ૧૯૭૬ માં બહાર પાડવામાં આવેલ. પત્રિકાના ૫૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે આગામી જૂન માસનો અંક ''સુવર્ણ જયંતિ અંક'' બહાર પાડવામાં આવશે.

આ અંકમાં શ્રી સંઘના મોટા અને વિશિષ્ટ કાર્યક્રમો અને સંઘની સમાજલક્ષી ઉપયોગી પ્રવૃત્તિ ની માહિતીઓ, સમાજશ્રેષ્ઠી વિભૂતિઓની માહિતી આ અંકમાં આપવામાં આવશે. આ અંક એક ઐતિહાસિક અંક બની રહી અને દરેક પરિવારો વાંચે અને સાચવી રાખે તેવા પ્રયાસો આ સુવર્ણ જયંતિ અંકના તંત્રી, પરામર્શક અને હોદ્દેદારો કરી રહેલ છે.

શ્રી સંઘના સભ્યોની આ અંકમાં યોગદાન માટે જાહેરાતો લેવાની છે અને ઝાલાવાડ શહેરો અને અગત્યના ઐતિહાસિક સ્થળો તીર્થધામો વિશે માહિતી સભર વાંચન પુરું પાડવામાં આવશે.

સમાજમાં સંગઠન અને એકતા હોવાથી ધારેલા કાર્યો અને સમાજઉપયોગી દરેક કાર્યો સફળતાપૂર્વક પાર પડી શક્યા છીએ અને તેની પાછળ અગત્યનો ફાળો ઝાલાવાડ જૈન દર્શન પત્રિકાએ ભજવેલ છે.

અમને આશા છે આ સમાજનું મુખપત્ર માસિક પત્રિકાને ઉપયોગી થવા આપ ચોક્કસ સહયોગ આપશો એવી આશા રાખીએ છીએ.

શ્રી સંઘ કમીટી સભ્યશ્રીઓ સમાજ દરેક વ્યપારી -ઉદ્યોગપતી ઓનો સંપર્ક કરશે. આપના ફરી અમૂલ્ય સહકારની અપેક્ષા.

### શું વાંચશો ? આ અંકમાં...

★ તંત્રી લેખ ★ પરામંડળોની માહિતી - અહેવાલ ★ ચાર્તુમાસ પેકેજ
★ સેવા પાછળના અદ્રશ્ય સંઘર્ષોઃ જૈન ધાર્મિક અને ચે. ટ્રસ્ટોની વાસ્તવિક સ્થિતી
★ વાંચકોને નમ્ર વિનંતિ ★ પિતાના હાથની છાપ : સંવેદનાના સ્પંદનો
★ જૈન જાગૃતિ સેન્ટર (સાયન -માટુંગા)
★ શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ હોસ્પીટલ - સુરેન્દ્રનગર
★ સગપણ બાયોડેટા ★ શુભ વેવિશાળ ★શ્રધ્ધાંજલિ
★ જન્મદિવસ અને લગ્ન દિવસ શુભેચ્છા - વ્હાલાની વસમી વિદાય

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. મહિલા મંડળ - વિલેપાર્લા

તા. ૩-૨-૨૦૨૬ ના દિવસે જ્યોતિબેન શાહના નિવાસ સ્થાને મંડળની મિટ ગ રાખેલ. દરેક કમિટી મેમ્બર્સ બહેનોની હાજરીમાં આગળના ૩ વર્ષ માટે માર્ચ ૨૦૨૬ થી માર્ચ ૨૦૨૯ સુધી નવી કમિટી બની.

**પ્રમુખ :** શ્રીમતી જ્યોતિબેન ભરતભાઈ શાહ
**ઉપ પ્રમુખ :** રૂપલબેન શાહ
**સેક્રેટરી :** જ્યોતિબેન ભુપેન્દ્રભાઈ બાવીશી
**સેક્રેટરી :** ચંદાબેન દીપકભાઈ શાહ
**ખજાનચી :** જયશ્રીબેન લીકેશભાઈ શાહ

**કમિટી મેમ્બર્સ**

રશ્મિકાબેન સુરેશભાઈ પરીખ, કલ્પનાબેન પ્રકાશભાઈ શાહ
જશુમતીબેન જીતેન્દ્રભાઈ ડગલી, હેતલ જૈન

**એડવાઈઝરી કમિટી**

શ્રી પ્રતિભાબેન સૂર્યકાંતભાઈ શાહ, શ્રી નિરૂપમાબેન મહેન્દ્રભાઈ શાહ, શ્રી કોકીલાબેન મહેન્દ્રભાઈ કામદાર

**નવી કમિટીના દરેક મેમ્બર્સને અભિનંદન....**

આપણા મંડળનો ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ એ ગુજરાતી + રાજસ્થાની થાળીનો ચટાકેદાર લિજ્જત માણવા માટે રસોત્સવ હોટલ (લોખંડવાલા)મા જમણ રાખેલ. બપોરે ૧૨.૩૦ વાગ્યા પછી બધા મસ્તીના મુડમા ભેગા થયા. નવકારમંત્રનું સ્મરણ કરાવીને જ્યોતિબેન બાવીસીએ I LOVE U ૧ મિનીટ ની ગેમ રમાડી હતી. ધમાલ કરીને બધા એ ગેમ રમી. પ્રથમ વિજેતા - રૂપલબેન શાહ, બીજા નંબરે - હેતલબેન જૈન પછી બધાએ ગરમા ગરમ શાહી ભોજનની લજ્જત માણીને ૩ વાગે છુટા પડયા.

આપણા મંડળનો વાર્ષિક પુજાનો પોગ્રામ ૩-૨-૨૦૨૬ના રોજ સવારે ૧૦ વાગ્યે આપણા પ્રમુખ શ્રી જ્યોતિબેન ભરતભાઈ શાહ અને તેમના પુત્રવધુ ચિ. ગ્રીષ્માબેન પ્રતિકભાઈ શાહના હાર્દિક આમંત્રણને માન આપીને ૧૦૦ થી પણ વધારે બહેનો એમના નૂતન નિવાસસ્થાને 'નવકાર રેસીડન્સી' વિલેપાર્લા-વેસ્ટ મા આવી પહોંચ્યા.

હોંશીલા શ્રી જ્યોતિબેન શાહે ખુબજ સરસ રંગોળી, દિવાના ઝગમગાટ અને તોરણો બાંધીને આંગણ સજાવ્યુ હતું. સાથે આવનાર દરેક આમંત્રિત બહેનોને કુમકુમ તિલક કરી બંને પૌત્રીઓ નાયરા અને નાયસાએ ફુલથી વધાવતા મીઠો આવકાર આપ્યો હતો.

આજે તો શ્રી જ્યોતિબેન સાથે તેમના પરિવારનો આનંદ સમાતો ન હતો, કારણ મંડળની બહેનો સાથે પ્રભુજીની પણ પધરામણી થઈ હતી.

સૌ પ્રથમ પરમાત્માને તેમના ઘર સામે આવેલ ચંદ્ર પ્રભુ જીનાલય થી થાળીના ઘંટનાદ સાથે પરિવાર સહ નાચતા ગાતા ગ્રહ આંગણે પ્રભુજીને પોંખીને નવા ઘરમા ત્રિગડાના સિંહાસન પર બિરાજમાન કર્યા. આજની પુજા ભણાવવા માટે રંજનબેન અને તેમની બંને દિકરીઓ સાથે પધારેલ. તેઓ ખુબજ ઉત્સાહી અને સારા ગાયક છે. સુંદર ગીતો ગાતા, ઢોલ-ખંજરી, સંગીતના સથવારે ભક્તિ કરાવતા સ્નાત્ર પુજા ભણાવી. દરેક પુજામા ખુબજ સુંદર રાગ-રાગીણી સાથે બધાને ખુબજ નચાવ્યા. ખુબજ આનંદ મંગલ સાથે એવી પુજા ભણાવી કે દરેક બહેનો પુજામા મન ભરીને દરેક પુજામા નાચ્યા. ઉત્કૃષ્ટ ભક્તિ કરી અને કરાવી, ખુબ ખુબ આનંદ છવાઈ ગયો. ત્યાર બાદ જ્યોતિબેન બાવીશીએ આજના પ્રસંગના અનુરૂપ લાભાર્થી શ્રી જ્યોતિબેન ભરતભાઈ શાહ પરિવારના ગુણોને બીરદાવતા સુંદર ગીત બનાવીને ગાયુ અને ગવડાવ્યું અને બધાને ખુબજ આનંદ થયો, અને સૌએ સાથે મળી તેઓને અભિનંદન આપ્યા.

પ્રમુખશ્રી એ અભિનંદન ઝીલતા મંડળને આજના પ્રસંગની ખુશીમા ચાર ચાંદ લગાવવા બદલ દરેકનો ખુબજ આભાર માની મંડળ ને ૨૧૦૦ રૂ. ની ભેટ ધરી.

સાથે તેમના બંને વેવાણ શ્રી દક્ષાબેન શાહ તથા ભાનુને પણ મંડળ ને ભેટ આપી.

શાંતિ કળશ, ચૈત્યવંદન અને આરતી મંગળ દીવો પરિવાર સહ કરીને પુણ્ય ઉપાર્જન કર્યુ.

પરમાત્માને જીનાલયમાં પધરાવી. ત્યારબાદ પુજા ભણાવવા આવેલ ૩ બહેનોની ખુબ ખુબ અનુમોદના કરતાં તેઓનું બહુમાન કરી તેમને પ્રોત્સાહિત કરવા સરસ ભેટ આપીને આભાર માન્યો.

મંડળે પણ નુતન વિશાળ સુંદર એવા નિવાસસ્થાને વાર્ષિક પુજા ભણાવવા બદલ શ્રી જ્યોતિબેન શાહની અનુમોદના કરતા તેમના પરિવારને આશીષ આપતા મંડળની યાદગીરી રૂપે સુંદર ભેટ આપી ગર્વ અનુભવ્યો.

આવા ઉદાર દિલ હોંશીલા પ્રમુખ શ્રી સાથે તેમના પુત્રવધુ ગ્રીષ્મબેનનો પણ મંડળે આભાર માનતા અનુમોદના કરી.

આ સાથે આજની પ્રભાવનામાં શ્રી જ્યોતિબેન ભરતભાઈ શાહ તરફથી ૫૦ રૂા. વિલેપાર્લા ઝાલાવાડ મહિલા મંડળ તરફથી ૫૦ રૂા., તેમના વેવાણ શ્રી દક્ષાબેન તરફથી ૨૦ રૂા. શ્રી ભારતીબેન શાહ તરફથી ૧૦ રૂા. શ્રી ગુણવંતીબેન વસંતભાઈ શાહ તરફથી ૧૦ રૂા. એમ કરીને ૯૦ રૂા. ની પ્રભાવના થયેલ. મંડળ દરેક

લાભાર્થી બહેનોને ખુબ ખુબ આભાર માનતા અનુમોદના વ્યક્ત કરે છે.

ત્યારબાદ ગરમાગરમ સ્વાદિષ્ટ ભોજનની લહેજત માણી. ખુબજ સુંદર વ્યવસ્થા કરેલ. દરેકને માન સહિત હર્ષોલ્લાસ સાથે સાધર્મિક ભક્તિ સહ સુંદર પ્રભાવના કરી. ખુબજ અણમોલ લ્હાવો લઈને પુણ્યાનું બંધી પુણ્ય ઉપાર્જન કર્યુ છે.

શ્રી જ્યોતિબેન શાહ ધન્ય છે આપ અને આપનો પરિવાર.... આનંદ ઉત્સવ માનતા આપને અભિનંદન.... અભિનંદન.... અભિનંદન....

**આજના માંગલિક વાર્ષિક દિવસ નિમિતે મંડળને નીચે મુજબ ભેટ મળેલ છે.**

**રૂા. ૨૧૦૦/-** શ્રીમતી જ્યોતિબેન ભરતભાઈ શાહ

**રૂા. ૧૦૦૦/-** બંને વેવાણના, શ્રી દક્ષાબેન અને શ્રી ભાનુબેન, નીરૂપમાબેન એમ. શાહ, જ્યોતિબેન બાવીશી, રૂપલબેન શાહ, જયશ્રીબેન શાહ, ચંદાબેન શાહ, કલ્પનાબેન શાહ, દિનાબેન શાહ, સુરેખાબેન દોશી, સરોજબેન શાહ, ભારતીબેન શાહ, હેમાબેન ગાંધી, પ્રતિભાબેન શાહ, અલકાબેન શેઠ, માલવિકાબેન શાહ, મયુરીબેન શાહ, હર્ષાબેન શાહ, નૈનાબેન શાહ, કોકીલાબેન કામદાર, અંજનાબેન પરીખ, જ્યોત્સનાબેન મહેતા, મંજુલાબેન બગડીયા, અલકાબેન શાહ, નીતાબેન શાહ, સ્વ. કંચનબેન શાહ

**રૂા. ૫૦૦/- દરેકના** જ્યોતિબેન પારેખ, મયુરીકાબેન અજમેરા, ગીતાબેન શાહ, રૂપાબેન શાહ, અમીબેન દમણીયા, રશ્મિકાબેન પરીખ, નલીનીબેન શાહ, રીટાબેન શાહ, અલ્પાબેન મહેતા, કલ્પનાબેન ધ્રુવ, ફાલ્ગુનીબેન શાહ, સેજલબેન શાહ, શિલ્પાબેન શાહ, ઈલાબેન શાહ, સરયુબેન બગડીયા, વિણાબેન કોઠારી, આરતીબેન શાહ, કોકિલાબેન મહેતા, વિમળાબેન શાહ, રેખાબેન શાહ, રાખીબેન શાહ, ગિરિકાબેન શાહ, અનસુયાબેન બગડીયા, વર્ષાબેન શાહ, વિણાબેન કોઠારી, હર્ષાબેન જે. શાહ, છાયાબેન શાહ

**રૂા. ૨૫૦ દરેકના** અરૂણાબેન શાહ, સરોજબેન ડી. શાહ, પુષ્પાબેન શાહ, પ્રિતીબેન શાહ, બિંદુબેન કોઠારી, સાધનાબેન દેસાઈ, રેખાબેન આર. શાહ, દર્શનાબેન શાહ

**રૂા. ૨૦૦ દરેકના** હેમાબેન શાહ, અનસુયા બેન (જુહુ), મંડળ દરેક દાતાઓનો આભાર માને છે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ.પૂ. મંડળ -મુલુંડ

શ્રી મુલુંડ ઝાલાવાડ મંડળ અવિરતપણે પ્રવૃતિમય રહ્યું છે. જાન્યુઆર મહિનામાં એક સુંદર યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

તારીખ ૧૭ અને ૧૮ જાન્યુઆરી શનિવાર/રવિવાર એમ બે દિવસ દેવલાલી મુકામે કલાપૂર્ણમ તીર્થધામ ગયા હતા. કલાપૂર્ણમ યાત્રા પ્રવાસનો સંપૂર્ણ લાભ મેવરિક પરિવાર તરફથી શ્રીમતી પ્રતીક્ષા બેન પરેશભાઈ શાહ અને શ્રીમતી રાજુલબેન તુષારભાઈ કુવાડિયાએ લીધો હતો. મંડળ તેમની ખૂબ ખૂબ અનુમોદના કરે છે. સુંદર વ્યવસ્થાના ભાગ રૂપે બે એસી બસમાં મુલુંડ થી યાત્રા પ્રવાસની શરૂઆત કરી સૌ પ્રથમ માનસ મંદિર જઈ પ્રભુદર્શન અને ભક્તિ કરી અને નવકારશી કરી દેવલાલી પહોંચી જમણવાર કરીને બપોરે સમૂહમાં પ્રભુ દર્શન કર્યા અને લાભાર્થી પરિવારના શ્રી તુષારભાઈ કુવાડિયા એ ખુબજ ઊંડાણપૂર્વક નવકાર મહામંત્રનો મહિમા સમજાવ્યો અને શ્રી સિદ્ધચક્ર મહારાજ યંત્રની વિશેષ જાણકારી આપી જે અત્યાર સુધી આપણાંમાંથી ઘણાને શ્રી સિદ્ધચક્રનો મહિમા જ ખબર નહોતી જેની વિસ્તૃત અને ઊંડાણપૂર્વક જાણકારી તુષારભાઈએ આપી, લોકો ખૂબજ પ્રભાવિત થયા હતા. ચૌવિહાર કરીને સૌ સભ્યો પ્રભુભક્તિ માટે ભાવનામાં પધાર્યા તે માટે લાભાર્થી પરિવારે શ્રી નિખિલભાઈ સંગીતકારને ખાસ પીમ્પલગાવથી બોલાવ્યા હતા જેમણે સંધ્યા ભક્તિ ભાવનામાં બધાને રસ તરબોળ કરીને ખૂબ જ ઉત્સાહપૂર્વક પ્રભુ ભક્તિ કરાવી હતી અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના સાનિધ્યમાં લોકોએ ભાવભક્તિ કરી હતી. લાભાર્થી પરિવારે ભગવાનની આંગી રચવાનો લાભ લીધો હતો અને આખું દેરાસર ઘીના દીવાની રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું.

બીજે દિવસે રવિવારે ઉત્કૃષ્ટ શક્રોત્સવનાં અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવેલ હતું તેમાં ખાસ શ્રી હિતેશભાઈને પુનાથી બોલાવ્યા હતા અને નિખિલભાઈના સંગીત સથવારે તુષારભાઈ કુવાડીયાના માર્ગદર્શન હેઠળ દરેક ભાવિકોએ ખૂબ જ ઉછળતા ભાવે શક્રોસ્તવ અનુષ્ઠાન કર્યું હતું અને ખૂબજ ઉત્કૃષ્ટ ઔષધી કેસર અને ખાસ નાશિકથી મંગાવેલા ફૂલોથી શક્રસ્તવ અનુષ્ઠાનમાં બધાએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ અને પ્રભુ ભક્તિમાં તલ્લીન થઈ ગયા હતા.

બપોરે ભોજન કરી આરામ કરી દેવલાલીમાં એક નવગ્રહ મંદિર છે ત્યાં દરેકે નવ ગ્રહના દર્શન કર્યા. આપણે સૌ ઝાલાવાડીઓ જે ગામમાં જઈએ અને આપણાં ઝાલાવાડની ધર્મશાળા, ભોજનશાળા હોય ત્યાં અચૂક આપણે લાભ લઈએ તે પ્રમાણે ચૌવિહાર દેવલાલી ઝાલાવાડ સેનેટોરીયમમાં બધાએ ખૂબજ સ્વાદિષ્ટ ભોજનની લહેજત માણી અને રવિવારે રાતના જ બસમાં પરત ફર્યા.

ઘણા વર્ષો પછી મુલુંડ ઝાલાવાડ મંડળનાં દરેક સભ્યો યાત્રા પ્રવાસ માણ્યો, પ્રભુભક્તિ કરી ઉત્કૃષ્ટ અનુષ્ઠાન ભક્તિભાવે

કર્યું. ખૂબ જ આનંદ મળ્યો. સરળ યાત્રા પ્રવાસ અને ઉત્તમ ભોજનની લહેજત માણી જે મુલુંડ ઝાલાવાડ મંડળ માટે એક યાદગાર પ્રસંગ બની રહ્યો. આ યાત્રા પ્રવાસના આયોજનની સંપૂર્ણ જવાબદારી ટ્રસ્ટીશ્રી મનીષભાઈના માર્ગદર્શન હેઠળ પ્રમુખ શ્રી મનોજભાઈ શાહ મંત્રી શ્રી રાજુભાઈ ગાંધી ઉપ-પ્રમુખ શ્રી દિપેનભાઈ શાહ કમિટી મેમ્બર રાજુલબેન કુવાડીયા જ્યોતિબેન દફ્તરી અને મુલુંડ ઝાલાવાડ યુખ ફોર્મના સભ્યોએ જવાબદારી ઉપાડી લીધી હતી અને ખૂબ જ સારી રીતે યાત્રા પ્રવાસના આયોજનનું સંચાલન કર્યું હતું.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. મંડળ - વિલેપારલા

# સામાન્ય સભા અને કાર્યવાહક સમિતિની ચુંટણી

શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ.પૂ. મંડળ, વિલેપારલાની સામાન્ય સભા અને કાર્યવાહક સમિતિની ચૂંટણી તા. ૨૧-૩-૨૦૨૬ ના રોજ રાખવામાં આવી હતી. સભામાં મંડળના પદાધિકારીઓ, મહાનુભાવો અને કાર્યવાહક સમિતિ તથા મંડળના સભ્યોએ હાજરી આપી હતી. ચૂંટણી માટે કોઈએ પણ સભ્યના ઉમેદવારી પત્રક પ્રાપ્ત ન થયા હોવાથી આગામી અવધિ માટે સર્વ સંમતિથી આ મુજબ ''કાર્યવાહક સમિતિ'', ''વિશેષ હેતુ સમિતિ'' ના સભ્યોની નિમણૂક કરવામા આવી.છે.

| | | |
|---|---|---|
| **પ્રમુખ** | : | **શ્રી કુમારભાઇ નગીનદાસ શાહ** |
| **IPP** | : | **શ્રી પ્રકાશભાઇ રસીકલાલ શાહ** |
| **અધ્યક્ષ** | : | **શ્રી જિતેન્દ્રભાઇ શાંતિલાલ કોઠારી (Fund Raising Board)** |
| **સલાહકાર સમિતિ** | : | **શ્રી હસમુખભાઇ તારાચંદ શેઠ, શ્રી વિનોદભાઇ તારાચંદ શેઠ, શ્રી વીરેન્દ્રભાઇ જયંતીલાલ કોઠારી, શ્રી મહેન્દ્રભાઇ રસીકલાલ કામદાર** |
| **ઉપ-પ્રમુખ** | : | **શ્રી મયુર રમેશચંદ્ર શાહ, શ્રી અશ્વિન રસીકલાલ શાહ** |
| **મંત્રી** | : | **શ્રી પરાગ દિનેશચંદ્ર સંઘવી, શ્રી નીતિન ત્રિકમલાલ શાહ, શ્રી દિપક કાંતિલાલ શાહ** |
| **સહ-મંત્રી** | : | **શ્રી હિતેન જમનાદાસ શાહ** |
| **ખજાનચી** | : | **વિમલભાઇ જસવંતલાલ શાહ** |
| **સહ-ખજાનચી** | : | **શ્રી દિપક ગુલાબચંદ ગાંધી, શ્રી કેનેષ નવીનચંદ્ર શાહ, શ્રી દિપક શાંતિલાલ દોશી** |
| **સમિતિ સભ્યો** | : | **શ્રી પ્રકાશ ગુણવંતલાલ શાહ, શ્રી દિલીપ નગીનદાસ શાહ, શ્રી કિરણ નવીનચંદ્ર શાહ, શ્રી કુણાલ મહેન્દ્રભાઈ કામદાર, શ્રી મનીષ મહેન્દ્રભાઈ શાહ, શ્રી મેહુલ વીરેન્દ્ર કોઠારી** |

ઉપરોક્ત સમિતિઓ અને તેના પદાધિકારીઓની અવધિ ૩૧.૧૨.૨૦૩૦ સુધીની રહેશે. આ ઉપરાંત સભા દ્વારા સર્વાનુમતે પ્રમુખશ્રી ને મંડળના બંધારણ ને આધિન સમિતિ/આમંત્રિત સભ્યોનો સમાવેશ કરવાની સત્તા આપવામાં આવી છે.

**પ્રેમ જેનું હૃદય છે વિશ્વાસ જેનો શ્વાસ છે શુભેચ્છા જેનો ઉચ્છ્વાસ છે સંપ અને સહકાર જેનો વિચાર છે, મૈત્રી જેનું ગીત છે એવી સંસ્થા એટલે ઝાલાવાડ સંઘ**


Hasmukh Sheth 98208 58125 Tel. : 2614 8864
Chetan Sheth 98201 44214 Tel.26125440

**M. K. ENTERPRISES**
*Distributors :*
Polo Kitchenware
Polo Thermoware
All Time Houseware Item
Gift Articles

1, Amrat Apartment, Bajaj Road, Nr. Railway Station, Vile Parle (W), Mumbai - 400 056.

Harshit Bharat Vora - 9987515422
Pranav Bharat Vora - 9870105764



**VORA ESTATE AGENT**

• OFFICE • SHOPS • FLATS • RENTALS • INDUSTRIAL GALA

Shop No. 3, Sushila Smruti, Opp. Axis Bank, Ashok Chakravarti Road, Plot A, Kandivali (E), Mumbai - 400 101.
Email : vorapranav16@gmail.com

**એવરગ્રીન કોર્પોરેશન**
**Evergreen Corporation**
હાર્ડવેર અને ટુલ્સના વેપારી
૨૪, ફીદા મેન્સન, ૩જે માળે, બીબીજાન સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૩.

—: ઓફિસ :-
Contact No.
**022 - 40021946 / 23443591**
E-mail : evergren@rediffmail.com
lalit46@gmail.com

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ સંચાલિત

**શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ**
**માતુશ્રી સમજુબેન ત્રીભોવનદાસ લાલચંદ શાહ પરિવાર**
**હ.: શ્રીમતી પ્રવીણાબેન પ્રવીણચંદ્ર શાહ (લીંબડી - ઘાટકોપર - મુંબઈ)**
**યાત્રિક ભવન - પાલીતાણા**
**ટ્રસ્ટી ઇન્ચાર્જ : અરવિંદભાઇ કે. શાહ** **કન્વીનર : શૈલેષભાઇ વી. શાહ**

સંવત ૨૦૮૨ ચાર્તુમાસની આરાધના કરવા માટે બ્લોક ફાળવવામાં આવશે. જે માટેની અરજી કરવાની **છેલ્લી તારીખ : ૧૧/૦૫/૨૦૨૬ ને સોમવાર બપોરે ૩.૦૦ વાગ્યા સુધી** મોકલી આપવાની રહેશે. ત્યારબાદ અરજી સ્વીકારવામાં આવશે નહીં. અરજી મંજૂર થયે તા. ૧૮/૦૫/૨૦૨૬ ના રોજ મોબાઈલથી જણાવવામાં આવશે. આપણા વિતેલા વર્ષોના અનુભવ પછી આ વર્ષે ચાર્તુમાસ પેકેજ નીચે મુજબ નક્કી કરેલ છે.

**તા. ૨૭/૦૭/૨૦૨૬ - અષાઢ સુદ ૧૩ - સોમવાર થી તા. ૧૬/૦૯/૨૦૨૬– ભાદરવા સુદ ૫ - બુધવાર**
**卐 ગુરૂવાર, સવારે તા. ૧૭/૦૯/૨૦૨૬ - ચેક આઉટ, ચાતુર્માસ – ૫૨ દિવસ 卐**

### ભાવ પત્રક

| | | | |
|---|---|---|---|
| ૫ બેડ એ.સી. | રૂા. ૬૦,૦૦૦/- | ૫ બેડ નોન એ.સી. | રૂા.૩૦,૦૦૦/- |
| ૨ બેડ એ.સી. | રૂા.૩૫,૦૦૦/- | ૨ બેડ નોન એ.સી. | રૂા.૧૫,૦૦૦/- |
| ૪ બેડ એ.સી. | રૂા.૪૮,૦૦૦/- | | |
| ૩ બેડ એ.સી. | રૂા.૩૬,૦૦૦/- | | |

ઝાલાવાડી પરિવારને પ્રાથમિકતા આપવામાં આવશે. દરેક પરિવારે નીચેના નિયમો ધ્યાનમાં રાખવા વિનંતી છે.

૧.ચાતુર્માસની અરજી કરનાર દરેક સભ્યોએ અરજી સાથે નીચે પ્રમાણેની રકમ ડિપોઝીટ તરીકે ભરવાનાં રહેશે

| | | |
|---|---|---|
| ૫ બેડ એ.સી. | રૂા.૧૦,૦૦૦/- | ૫ બેડ નોન એ.સી. રૂા.૮,૦૦૦/- |
| ૨ બેડ એ.સી. | રૂા.૪,૦૦૦/- | ૨ બેડ નોન એ.સી.રૂા.૩,૦૦૦/- |
| ૪ બેડ એ.સી. | રૂા.૮,૦૦૦/- | |
| ૩ બેડ એ.સી. | રૂા.૬,૦૦૦/- | |

૧. જે સભ્યોને બ્લોક ફાળવવામાં આવશે તેમણે ડીપોઝીટની રકમ બાદ કરી બાકીની રકમ અઠવાડીયામાં ભરવાની રહેશે.

૨. જે સભ્યોને બ્લોક ફાળવવામાં નહી આવ્યા હોય તેમને ડીપોઝીટની રકમ પાછી આપવામાં આવશે.

૩. જે સભ્યોને બ્લોક ફાળવવામાં આવશે પણ બાકીની રકમ નહી ભરે અને બ્લોક કેન્સલ કરાવશે તો તેમની ડીપોઝીટની રકમ પાછી આપવામાં આવશે નહી.

૪. અરજીમાં ચાતુર્માસ માટે રહેવા જનાર વ્યક્તિનું નામ, ગામ, ઉંમર, મો. નંબર અને ઓળખપત્ર, કાયમી બીમારીની વિગત વિગેરે આપવાના રહેશે. આપેલા નામ સિવાય અન્ય કોઈ વ્યક્તિ બ્લોકમાં રહી શકશે નહી. (બ્લોક ફાળવ્યા બાદ રકમ ભરતી વખતે નિયત ફોર્મ ભરવાનું રહેશે) જેમના નામે અરજી કરવામાં આવશે તેમણે જવું ફરજીયાત રહેશે.

૫. આપણા યાત્રિક ભવનમાં ચાતુર્માસ કરનાર દરેક આરાધકે આપણી ભોજનશાળામાં જમવાનું ફરજિયાત રહેશે.

૬. ચાતુર્માસ કરનાર આરાધકના મહેમાનો આપણા યાત્રિકભવનમાં ઉતરશે તો તેમણે પણ યાત્રિક ભવનમાં ચાતુર્માસના નિયમ મુજબ ચાર્જ ભરી જમવાનું ફરજિયાત રહેશે.

૭. એકાસણા બિયાસણા તથા છૂટા મોઢે જમવાની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

૮. જમવાની નકરો નિયમ મુજબ રાખવામાં આવેલ છે. જે આરાધકો ચાતુર્માસ કરવા આવો ત્યારે ભરવાની રહેશે.

૯. દરેક આરાધકે ૫૨ દિવસની જમવાની રકમ એડવાન્સમાં ભરવાની રહેશે તથા વરસીતપ કરનારે જમવાની રકમ ભરવાની રહેશે. શ્રી સંઘ કમીટીએ નક્કી કર્યા મુજબ છુટ્ટા મોઢે જમવાના / એકાસણા / બિયાસણાનો નકરો ફરજિયાત ભરવાનો રહેશે.
એકાસણા રૂા. ૧૦૦૦૦/- (૫૨ દિવસના), બિયાસણા રૂા. ૧૫૦૦૦/- (૫૨ દિવસના)
છુટ્ટા મોંઢે રૂા. ૧૭,૬૮૦/- (૩૪૦/- એક દિવસ મુજબ જેમાં નવકારશી / બપોરનું ભોજન / ચૌવિહાર)

૧૦. એકાસણા / બિયાસણા / છુટ્ટા મોંઢે જમવાના સમય માટે યાત્રિક ભવન વ્યવસ્થાપક સમિતી દ્વારા જે વ્યવસ્થા નક્કીકરેલ છે તે મુજબ યાત્રિકો, તપસ્વીઓને વ્યવસ્થા જાળવવા માટે નિયમોને અમલ કરવો.

તેમજ ચાતુર્માસ દરમ્યાન અન્ય તપશ્ર્ચર્યા અથવા અન્ય કોઇ કારણસર ભોજનશાળામાં જમશે નહીં તેમને પણ જમવાની રકમ પાછી આપવામાં આવશે નહીં. ફક્ત જે વ્યક્તિ અઠ્ઠમ અથવા તેનાથી ઉપર સળંગ ઉપવાસ કરશે તે દિવસોની રકમ પરત કરવામાં આવશે.

૧૨. જે દાતા પરિવારોએ ગયા વર્ષે પોતાના હક્ક વાપરેલ નથી પરંતુ આ વર્ષે વાપરવા માંગતા હશે અને હક્કની રૂએ બ્લોકની જરૂરિયાત હશે અને તેઓ પોતે પરિવારજનો સાથે ચાતુર્માસ આરાધના કરવા ઇચ્છા ધરાવતા હશે તો પ્રથમ હક્ક આપવામાં આવશે. હક્કનો પત્ર સહી કરી અરજી સાથે મોકલવો જરૂરી છે.

૧૩. જે દાતા પરિવારોએ ગયા વર્ષે પોતાના હક્ક વાપરેલ નથી પરંતુ આ વર્ષે હક્ક વાપરવા માંગતા હશે અને હક્કની રૂએ પોતાના પરિવારજનો સિવાય કોઇ અન્યને લાભ આપવા માંગતા હશે તો તેમને બીજો ચાન્સ આપવામાં આવશે. હક્કનો દાતાનોપત્ર અરજી સાથે સહી કરી મોકલવો ફરજિયાત છે.

૧૪. બ્લોકમાં રહેવાનો નકરો :- ચાતુર્માસ પેકેજ તારીખ ૨૭/૦૭/૨૦૨૬ અષાઢ સુદ ૧૩ સોમવાર થી તા. ૧૬/૦૯/૨૦૨૬ ભાદરવા સુદ-૫ બુધવાર સુધી શ્રી સંઘે નક્કી કર્યા પ્રમાણે આપવાનો રહેશે. કોઈ કારણસર ક્યારેક વ્યક્તિ વધારે થાય તો રૂા.૧૦૦/- વ્યક્તિદીઠ પ્રતિદિવસના લેવામાં આવશે. અ) ચાતુર્માસ દરમ્યાન બ્લોક ફક્ત ધાર્મિક પ્રવૃત્તિઓ અને ધર્મ આરાધના માટે જ ફાળવવામાં આવશે. બ) દરેક બ્લોકમાં વધુમાં વધુ પાંચ વ્યક્તિઓ રહી શકશે.

૧૫. દાતા પરિવારની અરજી આવ્યા પછી બ્લોક વધતાં હશે. તોઆવેલ અન્ય અરજીમાંથી ડ્રો કરવામાં આવશે. ઝાલાવાડી પરિવારને અગ્રતાક્રમ આપવામાં આવશે.

૧૬. હક્કની રૂએ ઝાલાવાડી પરિવાર સિવાય અન્ય કોઇ નોન ઝાલાવાડી પરિવારની અરજી આવી હશે અને ચાતુર્માસ માટે બ્લોક ફાળવવામાં આવ્યો હશે તો તેનો નકરો પેકેજના ૨૦ ટકા વધારીને આપવાનો રહેશે.

૧૭. ઝાલાવાડી પરિવારોને આપણા યાત્રિકભવનમાં બ્લૉક ન મળે અને જો અન્ય યાત્રિકભવનમાં ચાતુર્માસ કરતા હોય તો આવા પરિવારના વધારેમાં વધારે દશ વ્યક્તિઓની આપણી ભોજનશાળામાં વહેલા તે પહેલાંના ધોરણે જમવાની વ્યવસ્થા કરવામાં આવશે. પણ તેમણે તેનો ચાર્જ નક્કી કરેલ નિયમ મુજબ પ્રતિ દિવસ લેખે એકમહિનાના સાથે ભરવાના રહેશે.

૧૮. આ વર્ષે બીજા ભાગનું ચાતુર્માસ પેકેજ રાખેલ નથી પરંતુ જેમણે બીજા ભાગનું ચાતુર્માસ ચાલુ રાખવું હોય અથવા જેટલા દિવસ ચાલુ રાખવું હોય તેમણે તેટલા દિવસનો નકરો દરરોજના હિસાબે એટલે કે સાદા બ્લોકના અને એ.સી.બ્લોકના નક્કી કરેલ દરથી રકમ ભરવાની રહેશે. બાકીના નિયમો પ્રથમ ભાગના ચાતુર્માસ મુજબ લાગુ


## શેઠ કન્સ્ટ્રકશન કું.

શ્રી મહાવીર પાઇપ ઇન્ડ.
(સુરત) મેન્યુફેકચરર્સ
આર.સી.સી. હ્યુમ પાઇપ્સ
(N.P. & Np.)

શ્રીજી પાઇપ ઇન્ડ (સુરત)
મેન્યુફેકચરર્સ
આર.સી.સી.હ્યુમ પાઇપ્સ (Np.)
ચેનલસ, મીઝેક, એન્ડ ચેકર્ડ
ટાઇલ્સ આ.સી.સી. કવર્સ અને
વેન્ટ સાફટસ
(BMC Approved)

ઓફીસ : ૫૦૭/૫૦૮ સંજાર એન્કલેવ, મિલાપ સીનેમા સામે,
એસ.વી.રોડ, કાંદીવલી (વે.), મુંબઇ - ૪૦૦ ૦૬૭.
ફોન.: (૦૨૨)૨૮૦૬૨૧૬૧/૪૦૧૩૨૧૬૦ મો.:૯૮૨૧૧૨૦૦૨૧ અજય
ઘર : ૨૮૦૭૨૮૨૩ / ૨૮૦૫૧૧૬૪

Abhijit Shah
M.:9773380129/9870202339




NEW INDIA
NEW INDIA ENGINEERING CO.
Manufacturers & Stockists Of :
□Stainless Steel Socket Weld, But Weld,Threaded Fittings
□Bar Fittings & Flanges □Dairy Fittings□Triclover Fittings
□Ferrule & Flair Fittings □S.S. Valves & Cocks□Strainers & Quick Release Couplings□S.S.,304,310,316 Rods, Pipes & Sheets □S.S.,M.S.& Hi Tensil Fastners.

A/002 Arihant Bldg. Govind Nagar, Sodawala Lane,
Borivali (W), Mumbai - 400 092
**E-mail :** abhijitshah@hotmail.com


**દિલથી રમી લેજો સાહેબ, જિંદગી એક ખુબસુરત જુગાર છે, જીત્યા તો શું લઈને જવાના અને હાર્યા તો શું લઈને આવ્યા હતા ? ? ?**


।।દાદા ભગવાનનો અસીમ જયજયકાર હો।।
દુનિયાભરમાં વસતા સ્વજનો, વેપારી અને વિદ્યાર્થીઓ માટે કપડા, વાસણ, મિઠાઈ, મસાલા, નાસ્તા તથા અન્ય સામગ્રી ઘરેબેઠાં ઝડપથી પહોંચાડવા



Super Air Courier
Only International

ભાવિન હર્ષદરાય મોદી
(પાલીતાણાવાળા)
M.: 9819191883
Tel.: 022-28888667
મલાડ (વેસ્ટ)

અતુલભાઈ ચોકસી
(પાટણવાળા)
M.: 9820798171
બોરીવલી (વેસ્ટ)

તમારા ઘરે થી પિકઅપ કરીશુ.

Late Anopchand M.Kothari
M/S. KIRTI STEEL INDUSTRIES
M/S. KIRTI TRADING CORPO.
M/S. KUNAL FASTNER HOUSE L.L.P

Off. No. : 23446121/66595864
23410066/23112066
23112935/0250 3214798
Fax No. : 23423575
Kirti Mob. : 9821055592

*Manufacturers & Engineers :*
**S.S. Bolts, Nuts,S.S. Coach Screw,Wood Screw & Fastners,**

**Office :** 155, Narayan Dhuru Street, Ground Floor, Mumbai-400 003
**Sales Office :** 102, Narayan Dhuru Street, Gr., Flr., Mumbai-400 003
**Sales Depo :** 12, Shiv Shambhu Ind. Estate, B/H. Nidhi Estate, Near Burmashell Petrol Pump, Waliv, Vasai (East),Thane-401208

*(ક્રમશઃ કવરપેજ પાના નં ૧ થી)*

માત્ર ઝાલાવાડ નહી સમગ્ર જૈન સમાજમાં કાર્યરત રહી સેવાના કાર્યો માટે સદાય તત્પર રહેવું એવું તેમનું વ્યક્તિત્વ રહ્યું છે. પૂર્વભવના પુણ્યકર્મના ઉદયથી લક્ષ્મી તો ઘણા ને મળે છે. પરંતુ મળેલી લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરવાનું સૌભાગ્ય આવા નશીબવંતા પરિવારોને જ પ્રાપ્ત થાય છે. શુન્યમાંથી સર્જન કરીને જીવનમાં સ્વબળે આપબળે આગળ વધતા શ્રી કમલેશભાઇ એ સફળતા હાંસીલ કરેલ છે શ્રી કમલેશભાઈ પારેખે શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ.પૂ. મંડળ સાયન-માટુંગા, વડાલા, દાદરમાં ખજાનચી તેમજ મંત્રી અને ચૂંટણી કમિશનર તરીકે પદ પર રહીને સેવાઓ આપેલ છે. જૈન જાગૃતી સેન્ટર - સેન્ટ્રલ બોર્ડમાં ૨૦૦૨ થી ૨૦૦૭ ના વર્ષ સુધી ખજાનચી તરીકે તથા જૈન જાગૃતિ સેન્ટર સાયન-માટુંગા ચેરીટેબલ ટ્રસ્ટમાં ખજાનચી મંત્રી તેમજ વાઈસ ચેરમેન રહીને સેવાઓ આપી મજબૂત બનાવેલ છે. માટુંગા સ્થિત શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન ફાઉન્ડેશનમાં કારોબારી સભ્ય, ખજાનચી અને ટ્રસ્ટી તરીકે સેવાઓ આપેલ છે.

શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ.પૂ. મંડળ - ઘાટકોપરમાં ૨૦૧૮ થી ૨૦૨૨ ખજાનચી પદ પર રહ્યા હતા અને ઓક્ટોબર-૨૦૨૨ માં પ્રમુખપદે આવી હાલ પર્યંત સેવાઓ આપી રહ્યા છે. શ્રી સંઘમાં કારોબારી સભ્ય તરીકે ૨૦૦૯ માં જોડાઈ અને ૨૦૧૩ થી ૨૦૨૨ એમ ૧૦ વર્ષ સુધી ખજાનચી તરીકે સેવાઓ આપેલ હતી. ૨૦૨૨ થી ૨૦૨૫ માં શ્રી સંઘમાં ઉપપ્રમુખ તરીકે સેવા આપેલ છે.

ઉપરોક્ત વિવિધ જૈન સમાજની અને ઝાલાવાડ મંડળ શ્રી સંઘ અને ફાઉન્ડેશનની કારોબારી સમિતી સભ્ય તરીકે શરૂ કરેલ યાત્રા વાયા ખજાનચી થી ઉપપ્રમુખ પદ સુધી પહોંચ્યા ત્યારે લાગતુ હતુ કે એક પરિશ્રમી ખંતીલા કાર્યકરના પરિવારે જૈન ધાર્મિક શિક્ષણના પ્રેરકદાતાનો લાભ લઈ માતબર રકમનું દાન આપેલ છે. શાસનના-સમાજના સુકૃતના કાર્યોમા લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરવા બદલ શ્રી સંઘ સંચાલકો ભૂરી-ભૂરી અનુમોદના કરે છે. આ પ્રસંગે આપણા દાતા પરિવારના શ્રી કમલેશભાઈ પારેખની ઉદાત ભાવનાઓને બિરદાવીએ છીએ તેમના પરિવારે ૨૦૨૪-૨૫માં ધાર્મિક શિક્ષણના વિદ્યાર્થીઓને પારિતોષિક આપી લાભ લીધેલ હતો. પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે આ પારેખ પરિવારને સદાયે સુખી-સમૃધ્ધિમયમાં રાખે અને તેઓની ઉદાત ભાવનાને બળવતર બનાવે તેવી સમગ્ર ઝાલાવાડ સમાજ વતી શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

આવા સેવા સમર્પિત સંગાથી શ્રી કમલેશભાઈ પારેખ પરિવારે ઉમદા લાભ લઈ શ્રેષ્ઠ ઉદાહરણ પૂરુ પાડેલ છે. તે માટે પ્રભુને પ્રાર્થના કરીએ કે શ્રી કમલેશભાઈને સમાજસેવા કરવાની વધુ શક્તિ પ્રદાન કરે. પરિવારના દરેક સભ્યોને તંદુરસ્તી ભર્યું દિર્ઘાયુ બક્ષે અને સદાય પ્રેરણાના પંથે ચાલવામાં સહાયભૂત બને એજ અભ્યર્થના.

## ઝાલાવાડ બિઝનેસ ફોરમ - ZBF

ઝાલાવાડ બિઝનેસ ફોરમ-ZBF ની ગવર્નિંગ કાઉન્સિલ-કઊ ની વાર્ષિક મીટ ગ તા.૨૯.૩.૨૦૨૬ ના રોજ સમર્થહાઉસ ,ગોરેગાંવ-વેસ્ટ,મુંબઈ.ખાતે યોજવામાં આવેલ હતી.

રવિવારની ખુશનુમા સવારમાં ભેગા થઈ; સહુ મેમ્બર્સ ઉમળકાભેર એક બીજાને મળ્યા હતા. પ્રમુખ શ્રી રાજીવભાઈ તરફથી સહુને મીઠા આવકાર સાથે સાત્વિક ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી .

અગાઉ થી જણાવવામાં આવેલ એજંડા ઉપર મીટિંગ શરૂ થતા પહેલા;શ્રી નવકાર મંત્રનું સ્મરણ કરવામાં આવ્યું હતું .

સેક્રેટરી શ્રી રાહુલભાઈએ મીટિંગ ની શરૂઆતમાં; પાછલા સફળ આયોજનો બદલ હાજર GC મેમ્બર નો હૃદય પૂર્વક આભાર માન્યો હતો.આગળ વધતા સંગઠનના ખજાનચી શ્રી હિતેન્દ્રભાઈએ વર્ષ ૨૦૨૫-૨૬ નો વિગતવાર હિસાબ રજૂ કર્યો હતો . તેમની ચોક્કસતાનું સહુ મેમ્બરઓએ અભિવાદન કર્યું હતું.

મીટિંગનો મુખ્ય મુદ્દો આગામી પ્રમુખ અને ઓફિસ બેરર્સ (OB) ની નિમણૂક કરવાનો હતો.પ્રમુખ શ્રી રાજીવભાઈએ આગામી પ્રમુખ તરીકે શ્રી કિરણભાઈનું નામ સૂચવ્યું હતું.પરંતુ કિરણભાઈએ આદરપૂર્વક આભાર વ્યક્ત કરી પોતાની વ્યસ્તતા તથા અન્ય સંસ્થાઓમાં સેવાની જવાબદારીના કારણે આ પદ સ્વીકારવાની અસમર્થતા વ્યક્ત કરી હતી.સાથે તેમણે શ્રી રાજીવભાઈના ઉત્તમ નેતૃત્વ અને યોગદાનને ધ્યાનમાં રાખીને ફરીથી તેમને જ પ્રમુખપદ માટે યોગ્ય ઉમેદવાર તરીકે પ્રસ્તાવિત કર્યા હતા. આ સૂચનને સર્વે સભ્યોએ ઉત્સાહપૂર્વક સ્વીકારી સર્વસંમતિથી શ્રી રાજીવભાઈની આગામી કાર્યકાળ માટે પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

સૌની વિનંતીને માન આપીને રાજીવભાઈએ ZBF માટે આગળ પણ પોતાની શ્રેષ્ઠ સેવાઓ આપવાની પ્રતિબદ્ધતા દર્શાવી અને વર્તમાન ઓફિસ બેરર્સને સાથે લઈને આગળ વધવાની વિનંતી કરી હતી ,જેને સર્વસંમતિથી મંજૂરી આપવામાં આવી હતી.

પરસ્પર અભિનંદનની આપલે કરતા; OB સહિત ના સર્વે કઊ સભ્યો તેમના હવેના કાર્યકાળ ને વધુ સમાજ સમર્પિત અને ઉચ્ચ પરિણામ લક્ષી બનાવવા વચનબધ્ધ થયા હતા.

મીટિંગમાં આગળ વધતા આગામી વર્ષ માટે સમાજ ના સભ્યો ના આનંદ, ઉત્કર્ષ તથા સમૃદ્ધિ માં સહાયરૂપ થઈ શકે તેવા વિવિધ કાર્યક્રમના આયોજન માટે વિગતવાર સંવાદ થયો હતો તથા તેને સાકાર કરવાની રૂપરેખા ઘડવા માં આવી હતી.

સભાના અંતમાં સેક્રેટરી શ્રી હરનિશ ભાઈ એ સહુની આભાર વિધિ કરી હતી, ત્યાર બાદ સહુ પ્રેમ અને ઉલ્લાસપૂર્વક વિદાય થયા હતા.

સમાજના સહુ સભ્યોને ZBF GC વતી જય જિનેન્દ્ર.

## સમાજસેવાના ભેખધારી તન-મન-અને ધનથી સેવા સમાર્પિત શ્રેષ્ઠીવર્ષ સમાજરત્ન શ્રી ચીનુભાઇ હિંમતલાલ શાહની ૯૧મા જન્મદિવસ ભવ્ય ઉજવ્યો.

ઝાલાવાડ સમાજમાં અને જૈન સમાજમાં જાણીતા યુવાન વયે સમાજસેવાના વિવિધ ક્ષેત્રો પચાસ વર્ષ થી પણ વધારે સમયની અનુપમ સેવા કરનાર અને ૯૦ વર્ષ ની વયે યુવાનોને પણ શરમાવે તેરીતે દોડતા. સમાજરત્ન શ્રી ચીનુભાઇ હિંમતલાલ શાહના ૯૦ વર્ષ પૂર્ણ કરી ૯૧માં જન્મ દિવસની ભવ્યતા ભવ્ય ઉજવી જેમાં ઝાલાવાડના અગ્રગણ્ય શ્રેષ્ઠીઓ ઉપસ્થીત રહી તેઓને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

વર્ષ ૨૦૦૬માં શ્રી ચીનુભાઇને સમાજના દશ હજારથી પણ વધારે સભ્યોની ઉપસ્થિતીમાં 'સમાજરત્ન'નો એવોર્ડ ઘાટકોપર મુકામે આપવામાં આવ્યો હતો.

ઝાલાવાડ ફાઉન્ડેશનમાં ઘણા વર્ષો સુધી ચેરમેન રહી આર્થિક રીતે સધ્ધર બનાવી નિવૃતી લીધેલ વર્ષ ૨૦૨૪માં ફાઉન્ડેશનના રજત જયંતી વર્ષમાં 'ચેરમેન એમીરેટ્સ' નું બિરૂદ્ આપી નવાજવામાં આવ્યા હતા.

તેમની સમાજસેવાની ભાવના ઘણીજ પ્રબળ હોવાથી લક્ષ્મીનો સદ્વ્ય કરી સાથે પોતે માતબર રકમનું દાન આપી સૌ પ્રથમ શરૂઆત કરતા અન્ય જૈન સંસ્થાઓના અગ્રગણ્યો સાથેના સંબંધોને લીધે તેમજ તેમની પાસે દાન લાવવાની વિશીષ્ટ આવડત પ્રભુએ બક્ષેલી જેથી સમાજ સેવી સંસ્થાઓને પગભર બનાવી સમૃધ્ધ કરેલ છે.

આવા વ્યકિત વિશીષ્ટ પ્રતિભાને અરીહંત પરમાત્મા તંદુરસ્તી ભર્યુ દિર્ઘાયુ બક્ષે એજ પ્રાર્થના.


૧) શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ ૨) શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ.પૂ. ફાઉન્ડેશન
૩) ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ ૪) મહાવીર રીસર્ચ હાર્ટ ફાઉન્ડેશન - મુંબઇ
૫) શૈક્ષણીક સંકુલ મૈત્રી વિદ્યાપીઠ - સુરેન્દ્ર નગર
નીચે વિવિધ નવ પ્રવૃતિઓ.
૬) ચંપા-વિજયા હોસ્પીટલ - રામપુરા ૭) રામપુરા પાંજરાપોળ
૮) સ.ર.શ્રી ચીનુભાઇ હિમતલાલ શાહ હાઇસ્કુલ- રામપુરા, માનવ મંદિર ટ્રસ્ટ - મુંબઇ / માનવ મંદિર ટ્રસ્ટ - સુરન્દ્રનગર, ડૉ. એલ.એન.દોશી લોક વિદ્યાલય - સુરેન્દ્ર નગર, શ્રી રામપુરા જૈન સંઘ - રામપુરા, શ્રી સર્વોદય મેડીકલ સોસાયટી રામપુરા - ભંકાડો (ચંપા-વિજયા હોસ્પીટલ), સહયોગ ટ્રસ્ટ.

**સમાજરત્ન શ્રીયુત ચીનુભાઇ શાહ**



૧) ગર્જર ભૂમિના ગરવા સપૂત **શ્રી ચીનુભાઇ હિમતલાલ શાહ** - શ્રી જયંતિભાઇ પટેલ
૨) **ઝાલાવાડી નર શાર્દૂલ શ્રી ચીનુભાઇ હિમતલાલ શાહ** - જયંતીલાલઅમીચંદ કુવાડીયા
૩) મારા સામાજિક ગુરુ - શ્રી પ્રવિણભાઇ એ. શાહ
૪) અનોખું વ્યકિત્વ - શ્રી સુરેશભાઇ હરીલાલ શાહ
૫) મૂઠી ઉચેરા માનવી - શ્રી કાંતિભાઇ ઇ. પટેલ
૬) એક ચિર સ્મરણીય પરિચય - શ્રી માધવલાલ ચુનીલાલ વોરા
૭) ત્રણ મુક્તિનો અહેસાસ - શ્રી રસિકલાલ અમૃતલાલ મણીયાર
૮) શ્રી ચીનુભાઇ હિમતલાલ શાહ એક વ્યક્તિ નહીં, સંસ્થા છે. ! - શ્રી ચંદ્રકાંત સી. આનંદપરા
૯) શિષ્યો દેવો ભવ ! - શ્રી વસંતભાઇ એચ. દોશી

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ - મુલુંડ યાત્રા પ્રવાસની તસ્વીરી ઝલક









# ભારતીય જનતા પાર્ટી મુંબઈનાં જૈન સેલનાં પ્રમુખ તરીકે ઝાલાવાડી જૈન અગ્રણી શ્રી સી.વી.શાહ (પેરેડાઈઝ)ની નિયુક્તી... ખૂબ ખૂબ શુભેચ્છાઓ સહ અભિનંદન

સમાજમાં **''સી. વી. શાહ પેરેડાઈઝ''** તરીકેની આગવી ઓળખ ધરાવતા **શ્રી ચંદ્રકાંતભાઈ વાડીલાલ શાહ**ની અનોખી અને વિશિષ્ટ કાર્યશૈલી - કોઈપણ કાર્ય આયોજનોને પરિપૂર્ણ રૂપે સફળ કરવાની તેઓમાં કટિબદ્ધતા રહેલી છે. અદ્‌ભુત લોકસંપર્ક ધરાવતા તેઓ ખુદ એક ''સંસ્થા'' સમાન છે.

હાલ માર્ચ - ૨૦૨૬માં **ભારતીય જનતા પાર્ટી (બીજેપી)મુંબઈ**નાં **જૈન સેલ**નાં **પ્રમુખ** તરીકે મુંબઈ સ્થિત, ઝાલાવાડનાં વતની **શ્રી ચંદ્રકાંતભાઈ વાડીલાલ શાહ (સી.વી.શાહ)** ની નિયુક્તી થયેલ છે. જે સમગ્ર જૈન સમાજ, ઝાલાવાડ સમાજ માટે ગૌરવની ક્ષણ છે.



સમગ્ર ઝાલાવાડની એક્તાની સદ્‌ભાવના સ્વરૂપે ઝાલાવાડ સમાજનાં ઉત્કર્ષ અને સંગઠ્ઠન અર્થે કાર્ય કરતી સંસ્થા **ઝાલાવાડ સમાજ - ઈન્ડિયા**નાં તેઓ સ્થાપક રહયાં છે. આ સંસ્થાનાં ચેરમેન તરીકે શ્રી મહેન્દ્રભાઈ દિપચંદ તુરખીયા, પ્રમુખ તરીકે શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ (ઝાલાવાડ સંઘનાં ચેરમેન એપેક્ષ ) તેમજ મહામંત્રી તરીકે શ્રી ચન્દ્રકાંતભાઈ વાડીલાલ શાહ (સી. વી. શાહ) ઉમદા સેવાઓ આપી રહયાં છે. આ સંસ્થાનાં પ્લેટફોર્મ થકી ઝાલાવાડ સમાજ - જૈન સમાજની એક્તા, સંગઠ્ઠન અને વિકાસની અનેકવિધ યોજનાઓ - આયોજનો સાકાર થવાની સંભાવનાઓ સ્પર્શે છે.

**જિતો જુહુ**ના **ભૂતપૂર્વ ચેરમેન** તરીકે તેઓએ ઉમદા સેવાઓ આપેલ છે. આચાર્ય ભગવંત પ.પૂ.શ્રી નયપદ્મસાગરજી મ.સાહેબના આશીર્વાદથી તારીખ ૩૦ મે ૨૦૨૪ના રોજ **''જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન''**ના **એક્ઝીક્યુટીવ ચેરમેન** તરીકે તેઓની નિમણુંક કરવામાં આવી હતી. શ્રી ઝાલાવાડી ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્રમંડળ, શ્રી ઝાલાવાડ લેડીઝ ગ્રુપ, જૈન સોશ્યલ ગ્રુપ જુહુ બીચ સેન્ટર, સંગિની ફોરમ જુહુ બીચ આ બધી સંસ્થાઓમાં શ્રી સી.વી.શાહ ક્યાંક પ્રેરણાર્થી તરીકે, ક્યાંક સ્થાપક તરીકે, ક્યાંક મુખ્ય પદ પર તો ક્યાંક શુભેચ્છક તરીકે જોડાયેલા રહીને ઉમદા સેવાઓ આપતા રહ્યા છે. છેલ્લા ઘણા વર્ષના પ્રયત્નોએ અલગ-અલગ જૈન સંપ્રદાયો - સમુદાયો, જૈન સમાજોને એકજુટ - એકત્રિત કરી સંગઠિત - મજબૂત કરવા સાથે જૈન સમાજની આગવી ઓળખ બનાવવાના તેઓના અથાગ પ્રયત્નો રહ્યા છે.

જૈન સમાજના હિત અને વિકાસ અર્થે કોઈપણ જૈન ફિરકાઓનાં, સમુદાયનાં જૈનોને પોતાની ઓળખ સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર, તેરાપંથી વગેરેથી વિશેષ **''જૈન''** તરીકે આપવા માટે તેઓ છેલ્લા ઘણા વર્ષોથી આગ્રહભર્યા પ્રયત્નો કરતા રહ્યા છે. જૈન સમાજના પરિવારોના ઉત્કર્ષ, વિકાસ માટે જૈન સ્કૂલ, જૈન કોલેજ, જૈન યુનિવર્સિટી, જૈન હોસ્પિટલ વગેરે જેવી મહત્વની જરૂરિયાતો જેવા આવશ્યક અને ખાસ જરૂરી સમાજ ઉપયોગી કાર્યો કરવાના ઉત્સાહભર્યા શ્રી સી. વી. શાહનાં સતત પ્રયત્નો રહ્યા છે.

રાષ્ટ્રસંત ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના અનન્ય ભક્ત એવા શ્રી સી. વી. શાહને ગુરૂદેવની કૃપાદ્રષ્ટિએ સમાજ ઉત્થાન, ઉત્કર્ષ અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે ખૂબજ સારો સહયોગ, માર્ગદર્શન સહ ઉમદા આશીર્વાદ મળતા રહેવાથી સેવાકીય કાર્યો - પ્રવૃત્તિઓમાં તેઓ ખૂબજ સારી પ્રગતિ કરી સફળ કાર્યો કરતા રહયાં છે. ગુરૂદેવ આ.ભ.પ.પૂ.શ્રી નયપદ્મસાગરજી મહારાજ સાહેબ સાથે તેઓ ઘણાં વર્ષથી સતત સંપર્કમાં રહેલ છે. પૂ.ગુરૂદેવની અસીમ કૃપા સાથે ઉમદા આશીર્વાદ તેઓને મળતા રહ્યા છે. જે તેમને તેમના કાર્યોમાં પ્રોત્સાહક બળ પુરૂ પાડે છે. શ્રી સી. વી. શાહની દીર્ઘદ્રષ્ટીએ સમાજહિતની ઘણી ભાવી યોજનાઓ તેઓના પ્લાનમાં હોય છે. તેઓનાં વિચારો અદ્‌ભુત અને દૂરંદેશી હોય છે. અનેક મહાનુભાવો સાથેના ઘનિષ્ઠ સંબંધોએ તેઓનાં ઉત્કૃષ્ટ કાર્યો - યોજનાઓને હંમેશા સૌના સાથ-સહકાર મળતા રહ્યા છે.

શ્રી સી.વી.શાહની **ભારતીય જનતા પાર્ટી (બીજેપી)મુંબઈ**નાં **જૈન સેલ**નાં **પ્રમુખ** તરીકેની નિયુક્તી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. તેઓનાં નેતૃત્વમાં જૈન સેલ નોંધપાત્ર પાત્ર પ્રગતિ કરશે તેવો વિશ્વાસ છે. તેઓનાં ભવિષ્યનાં સમાજ વિકાસ માટેનાં ઉજ્જવલ કાર્યો - આયોજનો માટે **શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ** તરફથી હાર્દિક શુભેચ્છાઓ - શુભકામનાઓ પાઠવવા સાથે તેઓને ખૂબ ખૂબ અભિનંદન.

*- ઉપેન્દ્રભાઇ શાહ (પૂર્વ સંપાદક) મો. ૯૮૬૯૩૬૧૪૧૧*

# સમાજરત્ન શ્રી ચીનુભાઇ હિમતલાલ શાહના ૯૧માં જન્મ દિવસ નિમિત્તે શ્રી ઝાલાવાડ સંઘ અને સમાજના અગ્રણીઓ



## -: લગ્નદિવસની શુભેચ્છા :-



**શ્રીમતી ભામીનીબેન દિલીપભાઈ શાહ**
લગ્નદિવસ : તા. ૧૯ એપ્રિલ
મો. : ૯૮૨૦૦૮૮૮૯૬




**શ્રીમતી વર્ષાબેન કુમારભાઈ શાહ**
લગ્નદિવસ : તા. ૧૦ મે
મો.: ૯૮૧૯૮૭૨૦૧૦



**શ્રીમતી વર્ષાબેન બિપીનભાઈ વોરા**
લગ્નદિવસ : તા. ૧૬ મે
મો.: ૯૮૧૯૦૬૩૭૧૫

## -: જન્મદિવસની શુભેચ્છા :-



**શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ**
(ખેરવા - મુંબઈ)
તા. ૩ મે, મો.: ૯૮૨૦૦૮૮૮૯૬



**શ્રી સંજયભાઈ ભાઈલાલ શાહ**
(વઢવાણ - કાંદીવલી)
તા. ૮ મે, મો.: ૯૮૨૧૦૫૦૧૬૯



**જયંતીલાલ જીવણલાલ શેઠ**
(પેડર રોડ - મુંબઈ)
તા. ૧૫ મે, મો.:૯૧૩૬૧૧૩૬૨૪



**વિરેન્દ્રભાઇ જયંતીલાલ કોઠારી**
(વિલે પાર્લા- મુંબઈ)
તા. ૫ મે, મો.: ૯૮૨૦૦૯૪૦૦૭

# જૈન જાગૃતિ સેન્ટર (સાયન માટુંગા) ચેરીટેબલ ટ્રસ્ટ

C/o. ૧૧૭-એ, મધુબન, ફ્લેટ નં. ૪, રોડ નં. ૨૪-એ, સાયન (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨.

## શાળાના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ

**વિદ્યાર્થી દત્તક યોજના ફંડ : શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ**

**કન્યા શિક્ષણ ફંડ : લાયન CA અશોક બ્રિજલાલ મોદી**


વિદ્યાર્થી દત્તક યોજના


કન્યા શિક્ષણ ફંડ


મેડીકલ રાહત ફંડ


ગૌશાળા જીવદયા

- ★ GIRLS EDUCATION
- ★ MEDICAL ASSISTANCE
- ★ STUDENT ADOPTION SCHEME
- ★ GAUSHALA JIVDAYA
- ★ VACATION CLASSES AT SNDT COLLEGE MATUNGA

**જેજેસી (સાયન માટુંગા) ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નીચે મુજબના ચેરીટેબલ કાર્યો અને સહાય માટેના ફંડો ચલાવવામાં આવે છે.**

**કેળવણી શિક્ષણ ફંડ**
શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ

**મેડીકલ રાહત ફંડ**
શ્રીમતી મંજુલાબેન ગુણવંતરાય સી. શાહ

**માનવ રાહત ફંડ**
શ્રીમતી રંભાબેન ચતુરદાસ મણીલાલ શાહ

**જીવદયા ફંડ**
શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ

**ઇન્ફોટેક ફંડ**
શ્રીમતી કાંતાબેન ચંદુલાલ મણીલાલ ગાંધી

**સ્કોલરશીપ ફંડ**
શ્રીમતી સવિતાબેન હ. કમલેશ ચીનુભાઇ શાહ

**ડાયાલિસીસ ફંડ**
શ્રીમતી ભારતીબેન રમેશચંદ્ર શાહ

**અનાજ રાહત ફંડ**
શ્રીમતી મંગળાબેન જસવંતલાલ

**સર્જિકલ એઇડ ફંડ**
લાયન CA અશોક બ્રિજલાલ મોદી

પ્રિય સભ્ય મિત્રો,

સહર્ષ જણાવવાનું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણે **જૈન પરિવાર**ના જરૂરીયાતવાળા **(જેઓની માસિક આવક રૂા. ૨૦,૦૦૦/–થી ઓછી હોય)** કુટુંબના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હોય અને **મુંબઇ** (સાઉથ મુંબઈથી સેન્ટ્રલ મુંબઈમાં થાણા સુધી અને પશ્ચિમ મુંબઈમાં બોરીવલી સુધી)માં જ રહેતા હોય તેવા વિદ્યાર્થીઓ (દીકરો/દીકરી) ને **શૈક્ષણિક અભ્યાસ** માટે **દત્તક** લેવાનું ઉપરોક્ત બંને યોજના હેઠળ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. દત્તક લીધેલ (પસંદ કરાએલ) વિદ્યાર્થીને આપણાં ટ્રસ્ટ તરફથી **૧૨માં ધોરણ સુધી દરેક વર્ષે અભ્યાસ માટેનો ખર્ચ** (જેમાં શાળાની ફી તથા યુનીફોર્મસ, બુકસ, નોટબુક્સ, શુઝ વિગેરે મર્યાદિત) આપવામાં આવશે.

આ શિષ્યવૃત્તિ મેળવવા માટે વિદ્યાર્થીના વાલીએ સાદા કાગળ ઉપર **નીચે મુજબની વિ ગત સાથે અરજી કરવાની રહેશે.**

૧) બાળકનુ પુરેપુરૂ નામ, બાળકની જન્મતારીખ, સરનામું, મુળવતન, ફોન નંબર
૨) હાલમાં અભ્યાસ કરતાં હોય તે ધોરણ અને પ્રાથમિક શાળાનું નામ, સરનામું અને શાળાની ફીનું બંધારણ
૩) બાળકનો ફોટો, રેશનકાર્ડની ઝેરોકસ, આધાર કાર્ડ તથા ધોરણ પાસ કર્યું હોય તેની માર્કસ શીટ.
૪) મા-બાપની માસિક આવક અને કુટુંબની સામાન્ય વિગત.

અને આ અરજી માતા અથવા પિતાએ તેઓના બાળક સાથે **શનિવાર, તારીખ ૨ જી મે ૨૦૨૬** થી **શનિવાર, તા. ૩૦ મી મે, ૨૦૨૬** દરમ્યાનના **કોઈપણ બુધવારે** અથવા **શનિવારે સવારના ૧૦.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમ્યાન** નીચેના સરનામે રૂબરૂ આપવાની રહેશે.

**C/o. સી.એમ.ગાંધી કન્સટ્રકશન કું.**

૧૬, આશીર્વાદ બિલ્ડીંગ, ૪થે માળે, વિઠોબા મંદિરની બાજુમાં, સાયન મેઇન રોડ, સાયન (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૨

**નોંધ : આ દિવસ અને સમય સિવાય કોઈએ મહેરબાની કરીને આવવુ નહીં.**

સતીષભાઇ સી. શાહ * જયેન્દ્રભાઇ એમ. સંઘવી
સુરેશભાઇ કે. શાહ * હેમંતભાઇ ડી. શાહ
ટ્રસ્ટી અને કન્વીનર્સ

**રાજેશભાઇ સી. ગાંધી**
ચેરમેન

# સમાજરત્ન શ્રી ચીનુભાઇ હિમતલાલ શાહના ૯૧માં જન્મ દિવસ પ્રસંગે શ્રી ઝાલાવાડ સંઘ અને જૈન સમાજના અગ્રણીઓ



સન્માન કરતાં શ્રીમતી ભાવનાબેન અને શ્રીયુત વિનોદભાઇ શેઠ



સંઘ મંત્રી શ્રી ગિરિશભાઇ, ખજાનચી શ્રી કેતનભાઇ તથા મંત્રી શ્રી નિલેશભાઇ



ઝાલાવાડ ચે. ટ્રસ્ટના ચેરમેન શ્રી સી.વી. શાહ પેરેડાઇઝ



શ્રીમતી ડૉ. રત્નાબેન દોશી તથા ડૉ. બિપિનભાઇ દોશી



ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઇ, શ્રી હર્ષદભાઇ શાહ તથા શ્રી હરનીષભાઇ શાહ



શ્રી કમલેશભાઇ શાહ તથા શ્રીમતી સેજલબેન શાહ



શ્રીમતી મીનળબેન તથા રોહિતભાઇ શાહ સી.યુ. શાહ પરિવાર



સમ્માનનો પ્રતિસાદ આપતા સમાજરત્ન શ્રીયુત ચીનુભાઇ શાહ



ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઇ તથા શ્રીમતી કલ્પનાબેન શાહ

# સમાજરત્ન શ્રી ચીનુભાઇ હિમતલાલ શાહના ૯૧માં જન્મ દિવસ પ્રસંગે શ્રી ઝાલાવાડ સંઘ અને જૈન સમાજના અગ્રણીઓ



હર્ષોલ્લાસ સાથે જન્મ દિવસની કેક કટીંગ કરતા
સામજરત્ન શ્રીયુત ચીનુભાઇ શાહ



મહાવીર હાર્ટ રીસર્ચ ફાઉન્ડેશન વતી મેમેન્ટો અપર્ણ કરતા
શ્રી રશ્મિનભાઇ શાહ, શ્રી પ્રવિણભાઇ શાહ, શ્રી મનીષભાઇ શાહ - માનબા
તથા સાથીઓ



અંધેરી મંડળ વતી મેમેન્ટો અર્પણ કરતા શ્રીમતી કોમિલાબેન, શ્રી મહેન્દ્રભાઇ,
શ્રી કિરણભાઇ, શ્રી મુગટભાઇ તથા શ્રીમતી શારદાબેન શાહ



શ્રી રાજેશભાઇ શાહ, સમસ્ત મહાજનના શ્રી ગિરિશભાઇ શાહ
તથા સાથીઓ



આનંદની અભિવ્યકતી કરતા શ્રી અતુલભાઇ પરિખ, શ્રી પ્રફૂલ્લભાઇ સલોત,
શ્રી શૈલેષભાઇ શાહ તથા શ્રી પ્રવિણભાઇ સી. શાહ



નાચ-ગાન કરતા શ્રી મુકેશભાઇ યુ. શાહ, સમાજરત્ન શ્રી ચીનુભાઇ શાહ
તથા ઝાલાવાડ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી વિનોદભાઇ શેઠ

## ૯૧માં જન્મદિવસ પ્રસંગે મહેમાનો તથા શુભેચ્છકોનો ઋણ સ્વીકાર

**વ્હાલા પ્રિયજનો,**

આજના મારા ૯૧માં જન્મદિવસ ઉત્સવમાં આપ સર્વે પધાર્યા છો, તેનો હર્ષ અને આનંદની લાગણી અનુભવુ છું, આપ સર્વેને મારા પ્રણામ, મારી જિંદગીના કાર્યકાળમા મને મળેલી સફળતામાં મારા પ્રિયજનો અને શુભેચ્છકોનો ઉલ્લેખ ન કરું તે યોગ્ય ન ગણાય.

પિતાના નાની ઉંમરમા અરિહંતશરણ પછી ધર્મપુરક મને ઉછેરનાર માતુશ્રી વિજયાબા એ મને વારશામાં કરૂણા, વાત્સલ્ય અને સંવેદનાના પાઠ શિખવાડયા અને પોતાના નામ પ્રમાણે પિતાશ્રી હિંમતલાલભાઇએ હિંમત આપી. બાલ્ય અવસ્થામાં ભણવા માટે બોર્ડીંગમાં રહી ગૃહપતિ પૂજ્યશ્રી કિરચંદભાઇએ શિસ્ત, વિવેક, નમ્રતા અને સહકારના પાઠ શિખવાડયા.

મારા ઉપર મારા સંસારિક જીવનમાં સૌથી વધારે ઉપકાર મારી અર્ધાગીંની સ્વર્ગસ્થ મંજુલાબેન નો રહ્યો. જેને મારા દરેક સેવા કાર્યમાં સાથ, સહકાર અને પ્રેરણા આપી છે અને કુટુંબનું જતન કર્યુ.

મારા જીવનમાં તપ અને ધર્મ આરધનામાં પ્રવેશ કરાવનાર પ.પૂ.આચાર્યશ્રી રૂચકચંદ્રસુરીશ્વરજી મ.સા., પ.પૂ.આચાર્યશ્રી અશોકસાગરજી સુ.મ.સા., પ.પૂ.આચાર્યશ્રી તીર્થભદ્ર સુ.મ.સા ત્થા મારા બેન મ.સા. સાધ્વીજી ભગવંત પ્રશમરસાશ્રીજીમ.સા. અને પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનો મને ધર્મ આરાધના અને તપ માટે પ્રોત્સાહીત કર્યો આ સર્વેના મારા જીવનમાં વિશેષ પ્રભાવ રહ્યો અને તેથી ઉપધાન કરી મોક્ષમાળા પહેરી શક્યો. આ સર્વેને નત મસ્તકે વંદન પ્રણામ.

સવંત ૨૦૫૮માં ધંધામાં જોડાયો, તેમાં મારા ભાગીદાર અને ભાઇસખા સ્વ.શ્રી પ્રવિણભાઇ મહેતાએ અને પુત્રે સહકાર આપ્યો તેઓ આજની ઘડી સુધી સાથ આપી રહ્યા છે. ધંધાના સમયમાં મિત્રો મળ્યા જેમણે મને સમાજ સેવાના કાર્યો કરવાની પ્રેરણા આપી. પ્રેરણા આપનાર સાથીદારોમાં સર્વેશ્રી મુરબ્બી શ્રી સી.યુ. શાહ, શ્રી મધુભાઇ વોરા, સ.ગૌ. શ્રી ચંદુલાલ મનસુખલાલ શાહ, શ્રી ચંદ્રકાંતભાં દીપચંદ શાહ, સ.ર.શ્રી ચિનુભાઇ છગનલાલ શાહ,શ્રી અનોપચંદભાઇ ખીમચંદ શાહ અને સ્વ.શ્રી અનીલભાઇ વીરાણી. આ સર્વેનો મારા જીવનના પરિવર્તનમાં સહયોગ રહ્યો. વછવાડા ગામનાં એક મારા જેવા નાના વ્યક્તિને ઝાલાવાડ જૈન સંઘે સર્વોચ્ચ એવો સમાજરત્ન એવોર્ડ વર્ષ ૨૦૦૬ માં અને ફાઉન્ડેશનનો ચેરમેન એમિરેટ એવોર્ડ વર્ષ ૨૦૨૪માં ત્થા દિવ્ય ભાસ્કર તરફથી ગુજરાત ગૌરવ એવોર્ડ વર્ષ ૨૦૦૮ માં મળ્યો જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓરર્ગેનાઇજેશન દ્વારા ઉચીત વિશેષ સન્માન કરવામાં આવેલ . સામાજીક અને ધાર્મિક કાર્યો માટે ધનની અને સારા કાર્યકરોની જરૂર પડે છે જે મને મળ્યા, રામપુરાની બધી સંસ્થામાં સહકાર આપનાર આજીવન સેવા આપનાર સ્વ.શ્રી જયંતીભાઇ પટેલ,શ્રી પ્રવિણભાઇ આત્મારામ શાહ અને સુરેન્દ્રનગરની  માનવમૈત્રી વિદ્યાપીઠમાં લોકવિદ્યાલયમાં પોતે ઘસાઇને મને ઉજળો બનાવનાર સ્વ.શ્રી નાગજીભાઇ દેસાઇ ત્થા શ્રીમતી શાંતાબેન (તાઇ) અને શ્રી કનુભાઇ દવે, પ.પૂ.શ્રી દેવેન્દ્રવિજયજી એ મને સંપૂર્ણ સાથ સહકાર આપ્યો.

દાનની જ્યારે જરૂર પડી ત્યારે સર્વે દાતાશ્રીઓએ શ્રી સી.યુ.શાહના ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રીમતી મિનળબેન રોહિતભાઇ શાહ, મારો વ્હાલો સ્વ.શ્રી કિશોરભાઇ નંદલાલ શાહ અને તેમના પુત્ર શ્રી નિલેશભાઇ શાહ ત્થા મા શારદાએ માંગ્યા વગર સાથ સહકાર આપ્યો એજ સમયમાં પાલીતાણામાં ભગીની મિત્ર મંડળમાં દિકરીના ઘરમાં મને મારા ધર્મપત્નીનું નામ આપવામાં લાભ મળેલ .

પાલીતાણાની ભગિનીમિત્રમંડળ સંસ્થાના દિકરીનું ઘરમાં શ્રી ડોલરબેન કપાસી, શ્રી પ્રવિણભાઇ આત્મારામ શાહ, શ્રી હસમુખભાઇ શેઠ, શ્રી ભુપેન્દ્રભાઇ ગાંધી, શ્રી હર્ષદભાઇ દીપચંદ શાહ, સ.ર.શ્રી દિલીપભાઇ ખીમચંદ શાહ, વડીલ શ્રી અનંતરાય શાંતિલાલ શાહનો આભારી છું.

અંતમાં મારા શુભચિંતકો,કલ્યાણમિત્રો, સાથીઓ દરેક સંસ્થાના કાર્યકરો, સ્ટાફના સર્વે ભાઇઓ-બહેનોનો આભારી છું અને અંતે મારા કુટુંબીજનો પુત્ર-પુત્રવધુ, દિકરી - જમાઇનો સહકાર સતત મળતો રહ્યો છે મારા વ્હાલા શુભેચ્છકો મારી કોવિડની ભયંકર માંદગીમાં મારા માટે જાપ ત્થા માળાઓ કરી તેમની પ્રાર્થના અને દુઆને કારણે હું નવજીવન પામ્યો તે સર્વેનો હ્રદયપૂર્વક ઋણી અને આભાર સ્વીકારૂ છું.

જય જિનેન્દ્રઃ ચિનુભાઇ શાહ



## -ઃ સ્મરણાંજલિ ઃ-

## સ્વ. વિનયચંદ્ર લાલચંદ દોશી
## વઢવાણ નિવાસી હાલ કાંદિવલી (ઈસ્ટ)

**જન્મ ઃ તા. ૧૬-૧૦-૧૯૩૫**
**અરિહંતશરણ ઃ તા. ૮-૧૧-૨૦૨૫**

**સુખ ને દુઃખ, પ્રેમ ને લાગણી, વર્તમાન, ભૂત ને ભવિષ્ય શું ? એ તો એમના દિલના સાથે મોતીના તાંતણાની જેમ બંધાઈ ગયેલા સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા પરિશ્રમ જેનું કર્તવ્ય હતુ ને ક્ષમા તેમની શક્તિ હતી. પરિવાર માટે ફૂલો પાથરી ગયા એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે.**

**-ઃ શોકાતુર ઃ-**

પત્ની ઃ પુષ્પાબેન વિનયચંદ્ર દોશી, પુત્રી - જમાઈ ઃ નિલાબેન કિર્તીકુમાર બાવીશી, કેતકી અમિતકુમાર શાહ

પુત્ર - પુત્રવધુ ઃ નિરવ વિનયચંદ્ર દોશી હેતલ નિરવ દોશી, પૌત્રી ઃ ધ્વનિ નિરવ દોશી, દોહિત્ર - દોહિત્રી ઃ કિંજલ, આકાશ, જય, દર્શન

તથા

લાલચંદ જીવણલાલ દોશી પરિવાર (વઢવાણ પટારાવાળા), સદ્દગતના આત્મશ્રેયાર્થે

જીવદયા - ૨૫૦/- સાધર્મિક - ૨૫૦/-તપશ્ચર્યા - ૨૫૦/- તબીબી -૨૫૦/-, કુલ રૂા. ૧૦૦૦/- શ્રી સંઘને ભેટ આપવામાં આવેલ છે.

**અદ્યતન સુવિધાયુક્ત, આધુનિક ટેક્નોલોજી, અનુભવી ડોક્ટરો અને સ્ટાફ સાથેની ૬૯૦ બેડ ધરાવતી મલ્ટીસ્પેશ્યાલીટી ચેરીટેબલ હોસ્પીટલ એટલે**

# શ્રીમદ્ રાજચંદ્ર – સર્વમંગલ હોસ્પીટલ – સુરેન્દ્રનગર

**(પહેલાનું નામ શ્રી સી.યુ. શાહ મેડીકલ કૉલેજ અને જનરલ હોસ્પિટલ)**

ગુજરાત રાજ્યના મધ્યમાં અને ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ........ એકરમાં પથરાયેલી સૌરાષ્ટ્રમાં સર્વશ્રેષ્ઠ હોસ્પિટલનું ગત તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ શ્રી સી.યુ. શાહ જનરલ હોસ્પિટલમાંથી શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ હોસ્પિટલનું નૂતન નામકરણ શ્રીમદ્ રાજચંદ્ર મિશન - ધરમપૂર પૂજ્ય ગુરૂદેવ શ્રી રાકેશજીના કરકમળો દ્વારા કરવામાં આવેલ. હોસ્પિટલમાં પૂર્ણકદનું ‘શ્રીમદ્‌રાજચંદ્રજીનું દર્શનીય પ્રતિમાજીનું અનાવરણ પૂજ્ય ગુરૂદેવ શ્રી રાકેશજીના કરકમળોથી કરવામાં આવેલ આપ્રસંગ શહેરના પ્રતિષ્ઠીત આગેવાનો જૈન સમાજના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ હોસ્પિટલના નૂતન નામકરણ સાથે શ્રીમદ્ રાજચંદ્ર મીશન-ધરમપુર સંચાલને અને વહીવટી દેખરેખ સાથે સંપૂર્ણ હોસ્પિટલને આધુનિક ઓપ આપી જરૂરી સાધનો. ઓપરેશન થીએટરો, આ.ઈ.સી.સી.યુ સાથે ૨૯ વિભાગો સાથેની આ હોસ્પિટલ શહેર અને આજુબાજુના ગામ અને નાના ગામડાઓના દર્દીઓને ખૂબજ ઓછા દરે દરેક પ્રકારની તબીબી સારવાર આપવામાં આવે છે.

હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓને ‘આયુષ્યમાન કાર્ડ’ યોજનાનો લાભ મળતો હોવાથી આર્થિક રીતે પછાત પરિવારના દર્દીઓને ખૂબજ રાહતરૂપ સાબિત થયેલ છે. કોરોના પછીના સમયમાં સામાન્ય અને ઓછી આવક કે બાંધી આવકવાળા પરિવારને ખાનગી હોસ્પિટલમાં સાખર લેવી અશક્ય બની ગયલે છે. તેવા સમયમાં આવા પરિવાર માટે આર્શીવાદ રૂપ સાબિત થયેલ છે.

વિશેષમાં મેનજમેંટ ખૂબજ કાળજીપૂર્વક નાની બાબતોમાં દેખરેખ-ચિવટપૂર્વક સ્ટાફ દ્વારા ખુબજ સુંદર સેવા પ્રત્યક્ષ જોવામાં આવી છે. શ્રીમદ્ રામચંદ્ર સર્વમંગલ હોસ્પિટલની વિશેષતાઓ

- ૧૧ મોટા ઓપરેશન થીએટર
- ૮ નાના ઓપરેશન થીએટર
- કુલ ૬૯૦ બેડ (પથારી)
- ૭૩ ક્રીટીકલ કેર બેડસ
- ૨૪X૭ ઈમરજન્સી સર્વીસ
- બ્લડ સેન્ટર
- સેન્ટર ક્લીનિકલ લેબોરેટરી
- ૨૪ X૭ ઈન્ડોર ફાર્મસી હોસ્પિટલમાંજ મેડીકલ સ્ટોર
- કુલ ડોક્ટરો - ૧૩૫
- કુલ મેડીકલ સ્ટાફ - ૨૫૦ થી વધુ
- રોજ આવતા દર્દીઓ - ૪૦૦ થી વધુ

તદ્‌ઉપરાંત નિદાન શિબિર (મેડીકલ કેમ્પ)નું આયોજન હોસ્પિટલ કેમ્પસમાં કરવામાં આવે છે. વારંવાર બ્લડ ડોનેશન કેમ્પ, દર મહિનાના પહેલા અને ત્રીજા ગુરૂવારે મિલેટ્રી મેડીકલ કેમ્પનું આયોજન કાયમી ધોરણે શરૂ કરેલ છે. વિરમગામ પાસે રામપુરા ભંકોડામાં ચંપા-વિજયા હોસ્પિટલમાં મોટા પાયા પર સર્વરોગ નિદાન શિબીરનું આયોજન નિઃશુલ્ક કરવામાં આવે છે. જેમાં શ્રીમદ્‌રાજચંદ્ર હોસ્પિટલ, ડૉક્ટરો અને મેડીકલ સ્ટાફની ટીમ સેવા આપવા આવે છે. તેજ પ્રકારે શ્રીમદ્ રાજચંદ્ર સર્વ મંગલ હોસ્પિટલમાં પણ વારંવાર નિઃશુલ્ક સર્વરોગ નિદાન શિબિરનું આયોજન થાય છે. જેમાં શહેરના ગામના અને નાના ગામડાના લોકો વિશાળ સંખ્યામાં લે છે.

**‘પેશન્ટ કેર કોઓર્ડિનેટસ’**

જે ‘પેશન્ટ કેર કોઓર્ડિનેટસ’ એટલે હોસ્પિટલના માનવીય અને સહાનુભૂતિ સભર સેવાઓનો ચહેરો, તેઓ સુનિશ્ચિત કરે છે કે દરક દર્દીને તબીબી સારવાર ઉપરાંત પણ સાંભળવામાં આવે, સમજવામાં આવે અને સાચવવામાં આવે. યોગ્ય અભિગમ, સંવાદ કુશળતા અને તાલીમ સાથે પી.સી.સી. હોસ્પિટલમાં આવનારા દરેક વ્યક્તિ માટે સહાનુભૂતિ ભર્યુ અને વિશ્વસનીય વાતાવરણ ઉભુ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. તબીબી ક્ષેત્રે ગુજરાતની ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલમાં આ હોસ્પિટલ ગણના થાય છે તથા ઝાલાવાડની આ એક માત્ર મોટા વિશાળ વિસ્તારમાં પથરાયેલી હોસ્પિટલ છે.

અહેવાલઃ શ્રી મુકેશભાઇ યુ. શાહ.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં આપણા શ્રીસંઘની ખાલી પડેલ સીટ બાબત

**આપણે સૌ જાણીએ છીએ કે શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં આપણા શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈની એક સીટ છે. આ માટે નીચેની જરૂરીયાતો પૂરી કરી શકે તેમ હોય તેવા શ્રી ઝાલાવાડા શ્વેતાંબર મૂર્તિપુજક જૈન સંઘના સભ્ય પરિવારે શ્રી સંઘની ઓફીસનો તા. ૧૭-૦૪-૨૦૨૬ સુધીમાં સંપર્ક કરવો. આપણે આ સીટ મોડામાં મોડી ઓનલાઈન તા. ૨૦-૦૪-૨૦૨૬ પહેલા ભરવાની છે. આ વિદ્યાલયમાં દાખલ થનાર વિદ્યાર્થીએ જૈનિઝમના બધાં જ નિયમો ચુસ્તપણે પાળવાના રહેશે.**

**આ માટે સમાજ પરિવારોને જણાવવાનું કે આપણે જે વિદ્યાર્થીને આ સીટ આપીએ છીએ તેનો અભ્યાસ પૂરો થાય ત્યારેજ સીટ ખાલી થાય છે. આ વરસે આ સીટ ખાલી થયેલ છે. જરૂરીયાતવાળા વિદ્યાર્થીએ ઓફીસનો મંત્રીશ્રી સંપર્ક કરવો.**

# સેવા પાછળના અદૃશ્ય સંઘર્ષ

**જૈન ધાર્મિક અને ચેરિટેબલ ટ્રસ્ટોની વાસ્તવિક સ્થિતિ**

જૈન સમાજમાં મંદિર, ઉપાશ્રય, આયંબિલ ભવન, ધર્મશાળા, પાઠશાળા, પાંજરાપોળ અને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ વર્ષોથી ચાલી રહી છે. આ તમામ પ્રવૃત્તિઓના કેન્દ્રમાં જૈન ધાર્મિક અને ચેરિટેબલ ટ્રસ્ટો હોય છે.

સમાજના લોકો માટે આ સંસ્થાઓ વિશ્વાસ, ભક્તિ અને સેવા સાથે જોડાયેલી હોય છે. પરંતુ ઘણીવાર લોકો ટ્રસ્ટોની બહારથી દેખાતી પ્રવૃત્તિઓને જ જુએ છે. અંદરથી ટ્રસ્ટો ચલાવતી વખતે જે મુશ્કેલીઓ અને પડકારો આવે છે તેની માહિતી બહુ ઓછા લોકોને હોય છે.

આજના સમયમાં ટ્રસ્ટ ચલાવવું માત્ર સેવા ભાવનાથી શક્ય નથી. કાયદાકીય નિયમો, નાણાકીય જવાબદારીઓ, સંચાલન અને સમાજની અપેક્ષાઓ વચ્ચે ટ્રસ્ટીઓને ઘણી વખત મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે.

ચાલો, ટ્રસ્ટોની કેટલીક વાસ્તવિક મુશ્કેલીઓ સમજવાનો પ્રયાસ કરીએ.

જૈન ટ્રસ્ટો સામે ઊભા થતા મુખ્ય પડકારો.

**૧. વધતી કાયદાકીય જવાબદારીઓ**

આજના સમયમાં ટ્રસ્ટોને વિવિધ કાયદાઓનું પાલન કરવું ફરજિયાત બની ગયું છે.

તેમાં સામેલ છેઃ

- ચેરિટી કમિશનર ઓફિસની કાર્યવાહી
- આવકવેરા વિભાગની નોંધણીઓ અને રિટર્ન
- દાન સંબંધિત નિયમો
- સંપત્તિ સંબંધિત કાયદાકીય પ્રક્રિયાઓ

આ નિયમોનું પાલન કરવા માટે ટ્રસ્ટીઓને ઘણી વખત નિષ્ણાતોની મદદ લેવી પડે છે.

**૨. સેવા માટે સમય આપનાર લોકોની અછત**

ઘણા ટ્રસ્ટોમાં કામ કરનાર લોકો સંપૂર્ણપણે સેવાભાવી હોય છે. પરંતુ આજના સમયમાંઃ

- વ્યાવસાયિક જીવનમાં વ્યસ્તતા વધી ગઈ છે
- યુવાનો સેવા પ્રવૃત્તિઓમાં ઓછું જોડાય છે
- સતત જવાબદારી ઉઠાવવા તૈયાર લોકો ઓછા મળે છે

આ કારણે ટ્રસ્ટોની કામગીરી ઘણી વખત થોડા લોકો ઉપર જ નિર્ભર બની જાય છે.

**૩. દાન પર આધારિત નાણાકીય માળખું**

ઘણા ટ્રસ્ટોની આવક મુખ્યત્વે દાન પર આધારિત હોય છે. પરંતુ કેટલીક વખતઃ

- દાનમાં અનિયમિતતા
- ખર્ચમાં સતત વધારો
- મિલ્કત જાળવણી માટે વધુ ખર્ચ

આ બધું મળીને ટ્રસ્ટ માટે નાણાકીય દબાણ ઉભું કરે છે.

**૪. સમાજની અપેક્ષાઓ અને ટીકા**

ટ્રસ્ટો પાસેથી સમાજ ઘણી મોટી અપેક્ષા રાખે છે. પરંતુ જ્યારેઃ

- કોઈ નિર્ણય સૌને ગમતો ન હોય
- ખર્ચ અંગે મતભેદ ઉભા થાય
- પ્રવૃત્તિઓ અંગે જુદા જુદા અભિપ્રાય હોય

ત્યારે ટ્રસ્ટીઓને ટીકા અથવા અસંતોષનો સામનો કરવો પડે છે.

**૫. ટ્રસ્ટીઓ વચ્ચે મતભેદ**

ટ્રસ્ટ સંચાલનમાં ઘણીવાર વિવિધ વિચારો ધરાવતા લોકો જોડાયેલા હોય છે.

આ કારણે કેટલીકવાર મતભેદ ઉભા થાય છે જેમ કેઃ

- નાણાકીય ખર્ચ અંગેના નિર્ણયો
- નવી યોજનાઓ શરૂ કરવી કે નહ
- સંચાલનની પદ્ધતિ

જો સમયસર સંવાદ ન થાય તો આ મતભેદો સંસ્થા માટે મુશ્કેલી ઉભી કરી શકે છે.

**૬. ટ્રસ્ટની સંપત્તિનું સંરક્ષણ**

ઘણા ટ્રસ્ટો પાસે વર્ષોથી એકત્રિત થયેલી મૂલ્યવાન મિલ્કતો હોય છે.

તેના સંચાલનમાં પડકારો હોય છેઃ

- દસ્તાવેજોની સાચવણી
- કાયદાકીય વિવાદો
- ગેરકાયદેસર કબજાનો ભય

આ બાબતો માટે યોગ્ય વ્યવસ્થા અને કાયદાકીય જ્ઞાન જરૂરી બને છે.

**૭. પારદર્શિતા જાળવવાની ફરજ**

આજના સમયમાં પારદર્શિતા ખૂબ મહત્વપૂર્ણ બની ગઈ છે. તે માટે જરૂરી છેઃ

- યોગ્ય હિસાબી પદ્ધતિ
- નિયમિત ઓડિટ
- આવક અને ખર્ચ અંગે સ્પષ્ટ માહિતી

આ બાબતોનું યોગ્ય સંચાલન વિશ્વાસ જાળવવા માટે ખૂબ જરૂરી છે.

*(અનુસંધાન પાના ૨૨ પર)*

**કાયમી સંપર્ક: નવકાર ફુડ પાર્સલ પોઈન્ટ**

**સુકેતુભાઈ (જોરાવરનગર)**

**મો.૯૦૯૯૯ ૨૨૫૮૯ /૦૯૦૯૯૯ ૨૨૪૨૬**

**ફોનઃ (૦૨૭૫૨) ૨૨૨૫૮૯**

મુંબઈ થી બોટાદ પાલીતાણા અને ભાવનગર જતા જૈન યાત્રીકો માટે પ્યોર જૈન ત્થા મુંબઈથી ગીરનાર જતા યાત્રીકો માટે

**નવકારશીની વ્યવસ્થા (ચા-દૂધ-નાસ્તો)**

**(ગ્રુપ બુક ગ પણ કરવામાં આવે છે.) ઉકાળેલા પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ છે. અમારે ત્યાં દરેક નાસ્તા શુધ્ધ - સાત્વીક - પ્યોર જૈન ફુડ મળશે અને તમારા ઓર્ડર મુજબ ગરમ નાસ્તો બનાવી આપીશું**

સૌરાષ્ટ્ર જનતા - સૌરાષ્ટ્ર મેલમાં રાજકોટ - વાંકાનેર - સુરેન્દ્ર નગર થી મુંબઈ જતા યાત્રીકો માટે અગાઉ બુક ગ કરાવવાથી જૈન ભોજનની વ્યવસ્થા સુરેન્દ્રનગરમાં ઉપલબધ છે.

વોટ્સઅપ : ચિરાગ મો.૯૮૭૯૨૭૭૯૭૩,
સુકેતુ મો.૯૩૭૪૬ ૭૮૯૧૦

સુરેન્દ્રનગર ગેટ સ્ટેશને જમવાનું મળશે.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ**

**સંચાલિત : ઝાલાવાડ જૈન સગપણ સેતુ**

**દેરાવાસી, સ્થાનકવાસી, દિગંબર, તેરાપંથ**

**લગ્નોત્સુક યુવક-યુવતી વોટસઅપ બાયોડેટા**

**અભૂતપૂર્વ પ્રતિસાદ બદલ આભાર ૩૧ માર્ચ સુધીમાં ૧૬૦ થી પણ વધારે ઉમેદવારો નોંધાયા.**

- કુંવારા-સગપણ મુકેલા યુવક-યુવતીની નોંધણી કરવામાં આવશે. વય વર્યાદા ૩૫ વર્ષ સુધી.
- નવા બાયોડેટા ફક્ત શનિવાર યુવતીના તથા રવિવારના યુવકોના રોજ મુકવામાં આવશે.
- નોંધણી (રજીસ્ટ્રેશન) ફી રૂ.૬૦૦/- એક વર્ષ માટે મોકલવાના રહેશે. ત્યારબાદ દર છ માસે રીન્યુ કરાવવાનું રહેશે.
- ફક્ત ઝાલાવાડના શહેર કે ગામના મૂળવતની હોય તેના જ બાયોડેટા સ્વીકારવામાં આવશે.

**-: માહિતી માટે સંપર્ક :-**
મો.: ૯૧૩૭૩૪૨૮૧૮ સમય ૧૧.૩૦ થી ૫.૩૦

**-: નોંધણી માટે સંપર્ક :-**
મો.: ૯૮૧૯૩૪૨૮૧૮ સાંજે ૬.૦૦ થી ૯.૦૦

**-: સંપર્ક સેતુ :-**
મો.: ૯૮૬૯૦૪૦૧૫૦ / ૯૦૨૯૦૪૦૧૫૦

**Rajesh Shah**
+91 - 9820518767

**Nimit Shah**
+91 - 8976179249





**MARKO**™
Write with pride...

# NILRAJ ENTERPRISES

★ MFG OF - Ball Pens & Roller Ball Pens★

★ CONTACT US ★

13, Old Guest House, Bhadran Nagar Road No.2,
S. V. Road, Malad (West), Mumbai - 400064.
E-Mail : nilrajpens@gmail.com / nimits350@gmail.com
✆ - 022 - 28070424
Website : www.markopens.com

Rajesh : 98243 43499
Dhruvin : 90334 82510


**Jai Jinendra**

(O) : 0265 - 2422411
98250 42266

# SULSA TRAVELS

CONTACT FOR SAFE AND COMFORTABLE JOURNEY

HONDA CITY, SWIFT DZIRE, INNOVA, INDICA, INDIGO, TAVERA, ENJOY, WINGER, TEMPO TRAVELLER, MINI BUS, LUXURY BUS
All Vehicles Available in A/C & NON A/C



**E-MAIL : sulsatravels@gmail.com**

Opp. Lalji Kui Masjid, Nagarwada, Vadodara

*Bhavin Shah* *Jaymin Shah* *Rohan*

# GAUTAM STEEL INDUSTRIES

***Mfg. and Stockist in :-***

**S.S., M.S., Brass, High Tensils Bolt, Nut, Washer, Spring Washer, C.S.K, Allen Cap, Grub, Stud, Rivet, Coach Screw, Cotter Pin, Wing Nut, Nylone Nut, Lock Nut etc.**

131, Narayan Dhuru Street, G.Floor, Pydhonie, Mumbai - 400 003.
Phones : (O) 2341 5814 / 2342 4025 / 2343 4014 (R) 2885 0621 / 28017611

Gala No. 4/7, Janki Indl. Estate, Plot No.10/B, Near K.T.Indl. Park
Gorai Pada, Vasai (E), Thane - 401 208
Email : gautamsteelind2@gmail.com

**Vinubhai Shantilal Mehta**

**SHANTILAL & SONS**

**HARDWARE MERCHANTS**

90, Sarang Street, 1st Floor,
Mumbai - 400 003.

**Tel. (O) : 2342 1045, 2341 3195**
**(R) : 2882 2309, 2881 1310**
**(M) : 98213 40074**

(ક્રમશઃ પાના નં ૨૦ થી)

**૮. નવી પેઢીને જોડવાનો પડકાર**

સમાજના ભવિષ્ય માટે યુવાનોનો જોડાણ ખૂબ મહત્વપૂર્ણ છે. પરંતુ:

- યુવાનોની જીવનશૈલી બદલાઈ ગઈ છે
- ધાર્મિક સંસ્થાઓ સાથે તેમનો સંપર્ક ઓછો છે

આ કારણે ટ્રસ્ટોને નવી પેઢીને જોડવા માટે નવી પહેલ કરવાની જરૂર છે.

**સમાજ માટે વિચારવાનો સમય**

ટ્રસ્ટીઓને ઘણીવાર એવું લાગે છે કે તેઓ સેવા કરે છે છતાં ક્યારેક સમજૂતીની કમી રહે છે.

ટ્રસ્ટ સંચાલન એ માત્ર પદ અથવા પ્રતિષ્ઠાનો વિષય નથી, પરંતુ તે એક મોટી જવાબદારી છે. તેમાં સમય, પરિશ્રમ, ધીરજ અને નિઃસ્વાર્થ ભાવની જરૂર પડે છે.

આથી સમાજના દરેક સભ્યએ પણ ટ્રસ્ટોને સમજવું, સહકાર આપવો અને જરૂરી હોય ત્યાં માર્ગદર્શન આપવું જોઈએ.

**ઉપસંહાર**

જૈન ધાર્મિક અને ચેરિટેબલ ટ્રસ્ટો સમાજની આધ્યાત્મિક અને સેવાભાવી પરંપરાના મુખ્ય આધારસ્તંભ છે.
આ સંસ્થાઓના કાર્ય પાછળ ઘણા અજાણ્યા સંઘર્ષ અને પડકારો છુપાયેલા હોય છે. જો સમાજ, ટ્રસ્ટીઓ અને યુવાનો સાથે મળીને કામ કરશે તો આ સંસ્થાઓ વધુ મજબૂત બની શકે છે અને ભવિષ્યમાં પણ સમાજને સેવા આપી શકશે.

**સી.એ. પરાગ વસાણી**

---

**સંવેદનાના સ્પંદનો**

# પિતાના હાથની છાપ

સંસારની બધી સ્ત્રીઓ પોતાના દીકરાને શ્રવણ બનાવાં માંગે છે, પણ પોતાના પતિને શ્રવણ બનાવા માંગે છે.
પિતા વૃદ્ધ થઈ ગયા હતા અને ચાલતી વખતે તેમને દિવાલનો સહારો લેવો પડતો. પરિણામે તે જ્યાં પણ સ્પર્શ કરતા હતા ત્યાં દિવાલોનો રંગ ઊતરી ગયો હતો અને તેમના ફિંગરપ્રિન્ટ્સ દિવાલો પર છપાઈ ગયા હતા.

મારી પત્નીની નજર એ ફિંગરપ્રિન્ટ્સ પર પડી. તે પછી તે ગંદી દેખાતી દિવાલો વિશે ઘણીવાર ફરિયાદ કરતી રહેતી.

એક દિવસ, પિતાજીને માથાનો દુખાવો થતો હતો, તેથી તેણે તેમના માથા પર થોડું તેલ માલિશ કર્યું. જેથી ચાલતી વખતે દીવાલોનો સહારો લેતાં દીવાલો પર તેલના ડાઘા પડી ગયા.



આ જોઈને મારી પત્નીએ બૂમાબૂમ કરી મૂકી. અને બદલામાં મેં મારા પિતા પર બૂમો પાડી. તેમની સાથે અસંસ્કારી રીતે વાત કરી અને તેમને ચાલતી વખતે દિવલોને સ્પર્શ ન કરવાની સલાહ આપી.
તેમનું દિલ મારા આ વર્તનથી દૂભાયું પણ તેઓ કશું બોલ્યા નહ . મને પણ મારા વર્તનથી શરમ આવી, પણ મેં કશું કહ્યું નહિ.
તે પછી પિતાજી એ ચાલતી વખતે દીવાલોનો સહારો લેવાનું છોડી દીધું. એક દિવસ તેઓ ચાલતાં ચાલતાં પડી ગયા અને પથારીવશ થઈ ગયા અને થોડા દિવસોમાં આ દુનિયા છોડીને ચાલ્યા ગયા.

મેં મારા હૃદયમાં અપરાધની લાગણી અનુભવી. મેં તેમનું દિલ દુભવ્યુ હતું તે ક્યારેય ભૂલી શક્યો નહ , તેમના અવસાન માટે મારી જાતને માફ ન કરી શક્યો.

થોડા સમય પછી, અમે અમારા ઘરને રંગરોગાન કરાવવા માંગતા હતા. તે માટે જ્યારે કારીગરો આવ્યા, ત્યારે મારા પુત્ર એ જે તેના દાદાને પ્રેમ કરતો હતો તેણે કારીગરો ને મારા પિતાના ફિંગરપ્રિન્ટ્સ સાફ કરવા અને તે વિસ્તારોને રંગવા ન દીધા.

કારીગરો ખૂબ સારા કલાકારો હતા. તેઓએ તેને ખાતરી આપી કે તેઓ મારા પિતાના ફિંગરપ્રિન્ટ્સ/હેન્ડપ્રિન્ટ્સને દૂર કરશે નહ . તેમણે આ નિશાનોની આસપાસ એક સુંદર વર્તુળ દોર્યું અને એક સુંદર ડિઝાઇન બનાવી દીધી.

તે પછી તે ડીઝાઇન એમ ને એમ જ રહી બલ્કે તે પ્રિન્ટ અમારા ઘરનો ભાગ બની ગઈ. અમારા ઘરની મુલાકાત લેનાર દરેક વ્યક્તિ અમારી એ અનન્ય ડિઝાઇનની પ્રશંસા કરતાં.
સમય સાથે હું પણ વૃદ્ધ થયો. હવે મને પણ ચાલવા માટે દીવાલના સહારાની જરૂર પડવા લાગી. ચાલતી વખતે એક દિવસ મારા પિતાને મેં જે કઠોર શબ્દો કહ્યાં હતા તે યાદ આવ્યા.

મેં આધાર વિના ચાલવાનો પ્રયાસ કર્યો. મારા પુત્રએ આ જોયું અને તરત જ મારી પાસે આવ્યો અને ટેકા વિના હું પડી ગયો હોત તેવી ચિંતા વ્યક્ત કરી અને મને ચાલતી વખતે દિવાલોનો ટેકો લેવા કહ્યું. મેં જોયું કે તે સાથે તેણે મને પકડી ને ટેકો આપ્યો.

મારી પૌત્રી પણ તરત જ આગળ આવી અને પ્રેમથી મને તેના ખભા પર ટેકો આપવા કહ્યું. હું બહુ ભાવુક થઈ ગયો, મારી આંખોમાં ઝળઝળીયાં આવી ગયા. જો મેં મારા પિતા માટે પણ એવું જ કર્યું હાતે, તો તેઓ લાંબા સમય સુધી જીવ્યા હોત.

મારી પૌત્રીએ મને શાંત પાડ્યો અને મને સોફા પર બેસાડ્યો.

પછી તેણે તેની ડ્રોઇંગ બુક કાઢી અને તેમાં તેના શિક્ષકે તેના ચિત્રની પ્રશંસા કરી હતી અને તેને ઉત્તમ ગ્રેડ આપ્યો હતો તે મને બતાવ્યું. તે ચિત્ર દિવાલો પર પડેલી મારા પિતાના હાથની છાપનું હતું. અને તેના પર રિમાર્ક લખી હતી. - ''કાશ દરેક બાળક વડીલોને એ જ રીતે પ્રેમ કરે''

હું મારા રૂમમાં પાછો આવ્યો અને ખૂબ રડી પડ્યો. મેં મારા પિતા પાસેથી માફી માંગી પરંતુ મોડું થઈ ગયું હતું. હવે તો તેઓ હયાત ન હતા. આપણે પણ સમય સાથે વૃદ્ધ થઈએ છીએ. ચાલો આપણા વડીલોનું ધ્યાન રાખીએ અને આપણા બાળકોને પણ એ જ શીખવીએ.

**સંકલનકાર : ગિરિશ કાંતિલાલ શાહ - કાંદીવલી (ઈ)**

## ફક્ત જૈન મેનુ

કાશ્મીર | દાર્જીલીંગ
હીમાચલ | સાઉથ
લેહ | નૈનીતાલ
કેરાલા | સીમલા

**શ્રી સમેતશિખરજી મહાયાત્રા**

**48-66 કલ્યાણક ભુમીયાત્રા**

અભય નવીનભાઈ શાહ

**ગુરૂકૃપા ટ્રાવેલ્સ**

અશોક નગર, કાંદિવલી (ઈ), મુંબઈ

**93244 08369 / 95942 86900**



**Vision OPTICS** SINCE 1991

Opticals & Contact Lenses

9, Laxmi Palace,
60 Feet Road, Ghatkopar (East),
Mumbai - 400 077.
91-22-2501 6161
93235 29352
visionoptics1991@gmail.com

1 & 2 , Vaibhav Residency,
Plot No. NDR 22 , Tilaknagar,
Chembur (West) , Mumbai-400089.
91-22-2528 6161
99309 29352
visionopticschembur@gmail.com

follow us on :



Manufacturing of:
Roller Pen, Ball Pen
& Corporate Gifting

**I. B. Shah**
ENTERPRISE

C-5-3, Bhadran Nagar,
Near N. L. High School,
S. V. Road, Malad West,
Mumbai 400 064.

Nilesh Shah
+91-9820827512
ibshahent@yahoo.com



MUKESH SHAH
Founder & Managing Director
M.: +91 98200 42591

**AMAR PLASTICS** (INDIA) LLP

IMPORTERS &
WHOLESALER
OF GLASSWARE

Corporate Avenue, Unit No.5,
Opp.Mewad Bhawan, I.B.Patel Road,
Goregaon (E), Mumbai - 400063

+91 86570 14491 / 86570 14492

amarplasticsllp2024@gmail.com
amarplastic2012@gmail.com



Estd.-1931

**J. LALDAS & Company**

507, Maulana Azad Road, Near Gol Deval Temple,
Mumbai - 40 004. Tel.: 2346 2023 / 2347 0259

33/C, Laxmi Industrial Estate, New Link Road, Andheri (West),
Mumbai - 400 053. Tele Fax : 2636 6896 / 4003 9177
Email : jlaldas@gmail.com, jlaldas_co@hotmail.com

Jaquar | Artize | Jaquar WATER HEATERS | CISTERNS



**Pradeep Shah** - 97695 36312 / 99693 88114

# Anmol Electricals

***Dealers in:*** **All kinds of Electricals Goods & LED Lights & Panels**

***Stockist of :*** **Accessories of Anchor, elle, elleys', GM Hifi Modular Range. Fancy LED Lights & LED Panels**

Shop No. 103, Gr. Floor, Govind Nivas, 99 -103, Lohar Chawl,
Mumbai - 400 002.
Tel : 22065215 / 39567162 Tele Fax : 30037162
**Email :** anmolelectricals162@gmail.com



**હેમા ગાંધી એન્ડ ગ્રુપ**

*લગ્ન ગીતો, સાંજી માળા, જૈન સ્તવન,*
*શ્રદ્ધાંજલી, ભાવ યાત્રા, રાસ ગરબા*
*તથા હિન્દી ઓરકેસ્ટ્રા માટે.*

**-: સંપર્ક :-**

૨૦૨, માનવ મેન્શન, સરોજિની રોડ,
મેક ડોનાલ્ડની બાજુમાં,
વિલેપારલા (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૫૬.
**મોબાઈલ : ૯૮૨૧૦ ૨૯૦૯૬**



**MAHAVIR**

**શ્રી મહાવીર સ્ટેશનરી માર્ટ**

૧૪૪-૪૬, બાપુ ખોટે સ્ટ્રીટ,
૧લે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૩
ફોન : ૨૩૪૬૨૯૬૭,
૨૩૪૬૪૪૬૨
મનીષભાઈ
૯૦૨૦૪ ૬૦૦૦૬

Dhimant Shah
+91 90295 21575

Er. Aakash Shah
B.E Automobile, A.D.A.M., C.D.E. (Mercedes Benz)
+91 89766 69545

AUTO WORLD®
Complete Car Solutions

Mobile Van: Nisarg Heaven CHSL, Pawandham Lane, Mahavir Nagar, Kandivali (W), Mumbai - 67.
+91 93242 06784 / +91 89766 33099
"Now also at Borivali"

WORKSHOP : Ahead of BPCL Petrolpump, New Link Road, I. C. Colony, Borivali (W), Mumbai - 103
+91 9321463225

- CAR REPAIR & SERVICES
- CAR PARTS & ACCESSORIES
- CAR SCANNING
- CAR DIAGNOSTIC CENTER
- INSURANCE & RTO CONSULTANTS
- CASHLESS INSURANCE CLAIMS **
- INTERIOR CLEANING & POLISHING
- CAR A/C. INSTALLATION & REPAIR
- FREE PICKUP & DROP SERVICE AVAILABLE

- COMPUTERISED KEY MAKING
- TIRE & BATTERIES
- DENTING & PAINTING
- CAR MODIFICATION
- NEW CAR BOOKING
- PRE OWNED CARS
- CAR FINANCE
- TOWING SERVICE AVAILABLE

SPECIALIZED IN PREMIUM CAR REPAIRS
Special Discount on labour for Members upto 20%*
customer.autoworld@gmail.com www.autoworldindia.in

## ખાસ અગત્યનું..!!

પેટ્રન - એસોસીયેટ પેટ્રન અને આજીવન સભ્ય માટેની ફી અને ઝાલાવાડ સગપણ સેતુ કે સંઘ દ્વારા ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃત્તીઓ માટેની રકમ NEFT/UPI/Cash/GPay થી સંઘના બેંક એકાઉન્ટમાં ભરતા હો તો રકમ મોકલીને સ્ક્રીનશૉટ વોટ્સઅપ નંબર ૯૧૩૭૩૪૨૮૧૮ ઉપર મોકલી આપવા વિનંતી સાથે આપનું નામ - સરનામું પણ સાથે વોટસઅપ કરી મોકલશો જેથી રકમ આપના નામે જ જમા થાય અને તે નામની રસીદ બનાવી મોકલી શકાય.

ANANT ENTERPRISES
Office : G-1, Neo Corporate Plaza, Kach Pada,
Opp. Kapol Banquet Hall, Malad (W), Mumbai - 400064.
Tel.: 28824783/28442368 Email : anantenterprises3@gmail.com
: Authorised Agent :
*Greatwhite* Electricals
PETRA, FIANA & MYRAH MODULARS
WIRES & CABLES, MCB'S, LIGHTING & LED PANELS
PVC TAPE, CONDUITE PIPES & CEILING FANS
AJIT M. SHAH SAMIR A. SHAH

MULTIPLE INVESTMENTS
Empowering Financial Freedom
Call: +91 8850 640 843
www.multipleinvestments.in | multiplefinancial21@gmail.com
Contact us for the following :
- Mutual Funds (SIPs)
- Fixed Deposit
- Mediclaim
- Life Insurance & Term Plan
- Tax Planning

Give Life To Your Money By Making it Grow

Please feel free to reach out to us at
Deepali Ajmera
✆ + 91 8850 640 843 (BE, MBA)
Siddharth Ajmera
✆ + 91 9820 812 302 (Chartered Accountant)
Address : 2301-2302, Infinity Elements, Liberty Garden, Malad (West), Mumbai - 400064

# લોક કલ્યાણ અને તબીબી ક્ષેત્રે વિશેષ નામના પ્રાપ્ત ચંપા-વિજયા હોસ્પિટલ (રામપુરા ભંકોડા) ખાતે સર્વ રોગ નિદાન શિબિર

ઝાલાવાડના ગામોમાં તબીબી ક્ષેત્રે ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોમાં અગ્રગણ્ય નામના ધરાવતી વિરમગામ પાસે રામપુરા ખાતેની ચંપા-વિજયા હોસ્પિટલમાં તા. ૧૧-૧-૨૦૨૬ ને રવિવારનાં રોજ નિઃશુલ્ક સર્વ રોગ નિદાન શિબિર (ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પ) અને નિદાન પછી જે બીમારી હોય તેમની નિઃશુલ્ક સારવારનું આયોજન થયેલ જેમાં વિવિધ પ્રકારની બીમારીઓ જેવી કે આંખ, નાક, કાન, ગળા, કેન્સર, કિડની, આંતરડા, ફેફસા, હાડકા અને પગના ઘૂંટણ વગેરેના નિદાન માટે આજુબાજુના ગામડા અને શહેરમાંથી ૪૭૦ થી પણ વધારે દર્દીઓ નિદાન (ચેકઅપ) કરાવવા આવેલા હતા તે સર્વેનું શ્રી સી.યુ. શાહ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ (હાલ સંચાલિત : શ્રીમદ્ રામચંદ્ર મિશન- ધરમપુર) સર્વ મંગલ હોસ્પિટલ સુરેન્દ્રનગર અને કડી શહેરની હોસ્પિટલ નિષ્ણાંત અનુભવી ડોક્ટર અને સ્ટાફ વગેરે ૩૦ થી વધારે સભ્યોની ટીમ નિદાન માટે સેવા આપવા આવેલ.

સેવા ઘણા પ્રકારની થઈ શકે છે પરંતુ કારમી-અસહાય મોંઘવારી અને નાના ગામડાના ગરીબ-ખેત મજુર, શ્રમિકો અને ગૌ-પાલકો વગેરે સામાન્ય અને ખૂબજ આર્થિક રીતે પછાત પરિવારને તબીબી સારવારનો મોટો ખર્ચ આવી પડે તો ઘર ખર્ચનું બજેટ પડી ભાંગે અને ઉછીના કે લોન લઈ સહાય માંગીને પણ સારવાર કરાવવી પડે છે. ટૂંકી અને બાંધી આવક વાળા પરિવારની પરિસ્થિતિ ઘણી જ ખરાબ થાય છે અને ઘણી વખત આપણે જોયું છે કે મોટા તબીબી ખર્ચ પરિવાર ન કરી શકે તો સારવાર ન કરાવતા ભગવાન ભરોસે ઉપરવાળાની મરજીથી 'જે થવાનું હશે તે થશે.' આવી કરૂણ અને કફોડી પરિસ્થિતિમાં ચંપા-વિજયા હોસ્પિટલ નિઃશુલ્ક સારવાર મેળવી સંતોષપૂર્વક સ્વગૃહે જાય છે.

ચંપા વિજયા હોસ્પિટલના સંસ્થાપક-ટ્રસ્ટી સમાજરત્ન શ્રી ચિનુભાઈ હિંમતલાલ છેલ્લા ૪૧ વર્ષથી વહીવટ દેખરેખ રાખી રહ્યા છે. આધુનિક ટેક્નોલોજીના મશીનો, નિષ્ણાંત ડોક્ટરો, નર્સ, કમ્પાઉન્ડરને અન્ય સ્ટાફની ટીમ દ્વારા સેવા આપવામાં આવે છે. જેથી ઝાલાવાડ પથકમાં અને વિરમગામ તાલુકાનો દૂર સુધીના આંતરિયાળ ગામડાઓમાં સારી નામના પ્રાપ્ત કરી છે. ૪૧ વર્ષમાં ૩૦ લાખ (હોસ્પિટલ રેકોર્ડ મુજબ) થી વધારે દર્દીઓએ સારવાર લીધેલ છે.

માતા-પિતાના સંસ્કારોને સમાજરત્ન શ્રી ચિનુભાઈએ મદદ કરવા સાથે સેવા ક્ષેત્રે ફક્ત તબીબી જ નહ . કેળવણી સહાય સાધર્મિક ભક્તિ માટે માતબર રકમ ના આર્થિક યોગદાન આપી હિમાયતી રહ્યા છે. પ્રેરણા રૂપ ઉદાહરણ પૂરૂ પાડે છે. પોતાનું આર્થિક યોગદાન પ્રથમ સાથે સમાજ અગ્રગણ્યો અન્ય જૈન તેમજ જૈનતર સાથે જૈનોતર સાથે સંબંધો દ્વારા દાન લાવી, ફંડ પણ એકત્રિત કરી આપી અનેક સંસ્થાઓને પગભર કરી મજબૂત કરેલ છે. સમાજ સેવાનું ઉદાહરણ પૂરૂ પાડેલ છે.

આ વખતે વિશેષ રૂપે ૮ થી ૧૬ વર્ષના બાલીકાઓ માટે ભવિષ્યમાં મોટી ઉંમર થયે પણ ગર્ભાશયનું કેન્સર ન થાય તે માટે અમદાવાદની સંસ્થા રામપુરા સ્કૂલની ૨૦૦ થી પણ વધારે વિદ્યાર્થીને વેક્સિન આપી ભવિષ્યમાં તકલીફ ન થાય તંદુરસ્તી સુરક્ષિત કરવામાં આવેલ. આ પ્રસંગે દેવલાલી થી શ્રી મંજુલાબેન શાહ, મુંબઈથી શ્રી ઝાલાવાડ સંઘ-મુંબઈના અને પત્રિકાના તંત્રી શ્રી મુકેશભાઈ યુ. શાહ, શ્રી જે.એમ. શાહ અને મેડિકલ કેમ્પ લાભાર્થી અને સભ્યોશ્રીઓ એ હાજરી આપેલી હતી.

સમાજ રત્ન શ્રી ચિનુભાઈ દ્વારા સુપુત્ર શ્રી રાજેશભાઈ પિતાશ્રીના પગલે ચાલીને આજે માતા-પિતાના સંસ્કારો સાથે નામ ઉજાગર કરે છે. શ્રી રાજેશભાઈ રામપુરા, ચંપા-વિજયા હોસ્પિટલ સાથે ફુલ અને પાંજરાપોળના વહીવટ દેખરેખ જવાબદારી પૂર્વક સંભાળી રહ્યા છે.

આ હોસ્પિટલમાં ગત વર્ષે ડાયલીસીસ ના ચાર મશીનો લાવી અને દર્દીઓ ને સારવાર આપવામાં આવેલ છે. ઘણા વર્ષોથી દર શનિવારે મોતીયાના ઓપરેશન કરવામાં આવે છે.

આ પરિવારની પ્રેરણા લઈ સાથે ભૂરી-ભૂરી અનુમોદના કરીએ એટલી ઓછી ગણાશે. સમાજના અને વતનના સેવાના કાર્યો દ્વારા પ્રગતિ વિકાસ કરે તેમ જ તંદુરસ્તી ભર્યું જીવન બક્ષે એ જ પ્રાર્થના.

# શુભ વેવિશાળ.....

| | | | | |
|---|---|---|---|---|
| ચિ. મીત | ચિ. પૂનમ | કેળવણી | ૨૫૦ | ૨૫૦ |
| શ્રી જયેશ વસંતલાલ શાહ, મુળી હાલ મલાડ | | સાધર્મિક | ૨૫૦ | ૨૫૦ |
| ના સુપુત્ર | | તબીબી | ૨૫૦ | ૨૫૦ |
| શ્રી પ્રકાશભાઇ જયરામભાઇ ઠક્કર, ભુજ | | જીવદયા | ૨૫૦ | ૨૫૦ |
| હાલ મલાડ ની સુપુત્રી | | | | |
| ચિ. કૃણાલ | ચિ. હિનલ | કેળવણી | ૨૫૧ | ૨૫૧ |
| શ્રી અતુલભાઇ અમુલખભાઇ પરીખ, | | પત્રિકા | ૨૫૧ | ૨૫૧ |
| ધાંગધ્રા હાલ બોરીવલી ના સુપુત્ર | | સાધર્મિક | ૨૫૧ | ૨૫૧ |
| શ્રી અરવિંદભાઇ ચુનીલાલ જોષી, | | તબીબી | ૨૫૧ | ૨૫૧ |
| સરોડા હાલ બોરીવલી ની સુપુત્રી | | તપશ્ચર્યા | ૨૫૧ | ૨૫૧ |
| | | જીવદયા | ૨૫૧ | ૨૫૧ |
| ચિ. કુનાલ | ચિ. અનેરી | કેળવણી | ૧૫૦ | ૧૫૦ |
| શ્રી સંજયભાઇ પ્રવિણભાઇ ગોપાણી, | | પત્રિકા | ૧૫૦ | ૧૫૦ |
| બોટાદ હાલ કાંદીવલી ના સુપુત્ર | | સાધર્મિક | ૨૫૦ | ૨૫૦ |
| શ્રી સુનીલભાઇ શશીકાંતભાઇ કુવાડીયા, | | જીવદયા | ૫૦૦ | ૫૦૦ |
| બગડ હાલ મલાડ ની સુપુત્રી | | | | |
| ચિ. વિશ્વત | ચિ. તન્વી | કેળવણી | ૨૫૧ | ૨૫૧ |
| શ્રી પરેશભાઇ શશીકાંત શાહ , બોટાદ | | પત્રિકા | ૨૫૧ | ૨૫૧ |
| હાલ માટુંગા ના સુપુત્ર | | સાધર્મિક | ૨૫૧ | ૨૫૧ |
| શ્રી કેતનભાઇ રમેશચંદ્ર સંઘવી, લ બડી | | તબીબી | ૨૫૧ | ૨૫૧ |
| હાલ કાલબાદેવી- મુંબઇ ની સુપુત્રી | | જીવદયા | ૨૫૧ | ૨૫૧ |
| ચિ. સિધ્ધાર્થ | ચિ. અધિતિ | કેળવણી | ૧૦૦ | ૧૦૦ |
| શ્રી અલ્પેશભાઇ ભોગીલાલ દેસાઇ , બોટાદ | | સાધર્મિક | ૧૦૦ | ૧૦૦ |
| હાલ મીરારોડ ના સુપુત્ર | | તપશ્ચર્યા | ૧૦૦ | ૧૦૦ |
| શ્રી કાશીનાથ યશવંત ધુમાળ, તારળગાંવ | | | | |
| ધુમાળવાડી હાલ વિરાર ની સુપુત્રી | | | | |
| ચિ. નિકેત | ચિ. માનુષી | કેળવણી | ૧૦૦૦ | - |
| શ્રી ભરતભાઇ રતિલાલ શાહ, ધાંગધ્રા-થળા | | પત્રિકા | ૧૦૦૦ | - |
| હાલ અંધેરી ના સુપુત્ર | | સાધર્મિક | ૧૦૦૦ | - |
| શ્રી મનિષભાઇ સેવંતીલાલ શાહ, માણસા | | | | |
| હાલ કાંદીવલી ની સુપુત્રી | | | | |
| ચિ. ઉજ્વલ | ચિ. નિકિતા | કેળવણી | ૨૫૧ | ૨૫૧ |
| શ્રી ભરતભાઇ કાંતિલાલ શાહ, પાળિયાદ | | સાધર્મિક | ૨૫૧ | ૨૫૧ |
| હાલ કાંદીવલી ના સુપુત્ર | | સમૂહલગ્ન | ૨૫૧ | ૨૫૧ |
| શ્રી ઇલેશભાઇ કાંતિલાલ પોપડ, ધરમપૂર | | તબીબી | ૨૫૧ | ૨૫૧ |
| હાલ મુલુંડ ની સુપુત્રી | | જીવદયા | ૨૫૧ | ૨૫૧ |
| ચિ. ર્ડા.અમેય | ચિ. ર્ડા. પલક | કેળવણી | ૨૫૦ | ૨૫૦ |
| શ્રી એકનાથભાઇ શાંતારામભાઇ દળવી, | | તબીબી | ૨૫૦ | ૨૫૦ |
| કોઇળ (મહારાષ્ટ્ર) હાલ ભાંડુપ ના સુપુત્ર | | જીવદયા | ૨૫૦ | ૨૫૦ |
| શ્રી પરેશભાઇ ધીરજલાલ શાહ, વઢવાણ | | | | |
| હાલ બોરીવલી ની સુપુત્રી | | | | |
| ચિ. દૈવત | ચિ. કિંજલ | કેળવણી | ૫૦૦ | ૨૦૦ |
| શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ કુવાડીયા (શાહ), | | પત્રિકા | ૧૦૦ | ૨૦૦ |
| વડોદ (સુરેન્દ્રનગર) ના સુપુત્ર | | સાધર્મિક | ૫૦૦ | ૫૦૦ |
| શ્રી દિનેશભાઇ બચુભાઇ શાહ, ચોટીલા | | સમૂહલગ્ન | ૨૦૦ | ૨૦૦ |
| હાલ કાંદીવલી ની સુપુત્રી | | તબીબી | ૫૦૦ | ૨૦૦ |
| | | તપશ્ચર્યા | ૨૦૦ | - |
| | | યાત્રિક ભવન | ૧૦૦ | ૨૦૦ |
| | | ભોજનશાળા | ૧૦૦ | ૨૦૦ |

**વ્હાલાની વસમી વિદાય વેળાએ............**
**ભાવભરી શ્રધ્ધાંજલી માર્ચ - ૨૦૨૬**

| નામ | મૂળ વતન | વિસ્તાર |
|---|---|---|
| રંજનબેન મહાસુખલાલ શાહ | વઢવાણ | સાયન |
| જીતેન્દ્રભાઇ ચુનીલાલ શાહ | કોંઢ | વરલી |

**જન્મદિવસની શુભેચ્છા**

| | | |
|---|---|---|
| શ્રી અશ્વીન હિંમતલાલ ગાંધી | ૨૫-૪ | ૮૧૦૮૦૩૯૭૭૭ |
| શ્રી કિશોર ગોવિંદજીભાઈ શાહ | ૩-૫ | ૯૮૧૯૬૯૯૧૦૧ |
| સ.ર. શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ | ૩-૫ | ૯૮૨૦૦૮૮૮૯૬ |
| શ્રી સંજયભાઈ ભાઇલાલ શાહ | ૮-૫ | ૯૮૨૧૦૫૦૧૬૯ |
| શ્રી પ્રદીપ મોહનલાલ શાહ | ૧૧-૫ | ૯૮૨૧૦૭૦૮૧૭ |
| શ્રી જયંતીલાલ જીવણલાલ શેઠ | ૧૫-૫ | ૯૧૩૬૧૧૩૬૨૪ |

**લગ્નદિવસની શુભેચ્છા**

| | | |
|---|---|---|
| શ્રી રૂપેશભાઈ દિલીપભાઈ શાહ | ૨૬-૪ | ૯૮૨૦૨૭૩૦૦૮ |
| શ્રી મેહુલ રમેશચંદ્ર મહેતા | ૨૬-૪ | ૯૮૬૯૦૧૨૫૮૨ |
| શ્રી અશ્વીન રસીકલાલ શાહ | ૨૮-૪ | ૯૮૨૦૮૪૦૫૧૮ |
| સ.ર. શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ | ૨૯-૪ | ૯૮૨૦૦૮૮૮૯૬ |
| શ્રી કેતનભાઈ અરવિંદભાઈ શાહ | ૪-૫ | ૯૩૨૪૬૩૧૭૫૬ |
| શ્રી મનીષ સુર્યકાંતભાઈ શાહ | ૬-૫ | ૮૭૭૯૭૮૫૬૮૮ |
| શ્રી કુમારભાઈ નગીનદાસ શાહ | ૧૦-૫ | ૯૮૧૯૮૭૨૦૧૦ |
| શ્રી મયુરભાઈ રમેશચંદ્ર શાહ | ૧૧-૫ | ૯૩૨૩૭૨૩૪૩૦ |
| શ્રી નિલેશ જસુભાઈ વોરા | ૧૨-૫ | ૯૯૩૦૫૧૫૩૮૨ |
| શ્રી વિપુલ પ્રાણલાલ બગડીયા | ૧૩-૫ | ૯૮૨૦૦૬૧૬૨૮ |
| શ્રી નીકુંજ વિનયચંદ્ર બગડીયા | ૧૩-૫ | ૯૮૬૯૪૮૯૩૧૨ |
| શ્રી નેમીષ મહેન્દ્રભાઈ શાહ | ૧૫-૫ | ૯૩૨૨૨૩૨૩૮૩ |
| શ્રી બિપીનભાઈ રતીલાલ વોરા | ૧૬-૫ | ૯૮૧૯૦૬૩૭૧૫ |
| શ્રી રાકેશ જયંતભાઈ શાહ | ૧૮-૫ | ૯૮૯૨૧૯૨૩૦૦ |
| શ્રી રાજેશ પાનાચંદ શાહ | ૧૮-૫ | ૯૮૨૦૦૮૭૫૦૭ |
| શ્રી અલ્પેશ સુરેશભાઈ ગાંધી | ૧૮-૫ | ૯૨૨૩૪૩૩૦૩૪ |

## સુધારો

**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ - બોરીવલી**

**સુધારો નં. ૧ :** અમારા અહેવાલમાં ગત માસ માર્ચ - ૨૦૨૬ માં અલ્પેશભાઈના સુપુત્ર ચી. કલ્પેશભાઈ નામ છપાયેલ છે તેની બદલે કેવલભાઈ વાંચવું.

**સુધારો નં. ૨ :** ભાયંદર વિભાગમાં શ્રી મુકેશભાઈ નામ છાપેલ છે તેની જગ્યાએ શ્રી જીજ્ઞેશભાઈ વાંચવું.

卐श्री महावीराय नमः卐



# Smit Shah

## Family

Father : Priyesh M Shah
Occupation : General Manager, Ajanta Pharma
Mother : Dipti P Shah
Occupation : Homemaker

## Personal Details

Date of Birth : 6 June 1999
Place of Birth : Borivali, Mumbai
Time of Birth : 11:40pm
Complexion : Fair
Height : 6 ft
Religion : Shwetambar Deravasi Jain
Mother Tongue : Gujarati

## Paternal Family

Fiya : Dr. Leena Desai
Kaka : Hitesh M Shah (Pepe Jeans)
Dada : Late Mahendra Shantilal Shah
Dadi : Late Panna Shah
Grand Uncle : Mahesh S Shah (Ex- Zalawad Committee Member)
Grand Uncle : Shailesh S Shah (USA)
Gaam : Dholera, Gujarat

## Education

Qualification : Masters in Computer Science - University of Wisconsin Madison (USA)
College : B.E Computer Science, BITS Pilani

## Maternal Family

Masi : Khyati Kothari (Morgan Stanley)
Mama : Appu Kothari (Eurobond)
Grand Mother : Hansaben B Kothari
Grand Father : Late Bharatkumar Kothari
Gaam : Sudamda

## Occupation

Designation : Software Engineer
Work Place : Microsoft
Work Location : Seattle, Washington, USA

## Contact


Address : Satra Park CHS Ltd, C1202, Shimpoli Road, Borivali West, Mumbai
Contact : 9137933409/ 8286821970

## Hobby

I enjoy staying active through sports, gym and hikes. I also like exploring new cities and places.

REGISTERED WITH PRESS REGISTRAR GENERAL OF INDIA MAHBIL/2021/80571 LICENCE TO POST WITHOUT PRE-PAYMENT UNDER WPP LICENCE NO. MIR/TECH/WPP-220/SOUTH/2024-26 POSTAL REGISTRATION NO. MCS/132/2024-2026 PUBLISHED ON 10TH OF EVERY MONTH AND POSTED AT MUMBAI PATRIKA CHANNEL SORTING OFFICE ON 10TH & 11TH OF EVERY MONTH

# પાંચમી પુણ્યતિથિએ સ્મરણાંજલી



જન્મ :
૨૫-૦૮-૧૯૫૨

અરિહંતશરણ
૦૬-૦૪-૨૦૨૧

## દિવંગત શ્રી પ્રફુલભાઈ નગીનદાસ શાહ

**વતન: લીંબડી - હાલ : ગોરેગાંવ**

**''શું યાદ કરીએ ? તમારી નિખાલસતા, તમારો વિનયભર્યો વ્યવહાર,
તમારી વ્યવહાર દક્ષતા કે પછી સદાય વદન પર ફરકતું સ્મીત''**

જીવનના દરેક ડગલે, કુટુંબના દરેક પગલે અને પરિવારમાં સદાય પથદર્શક રહ્યા છો. આપનું સરળ જીવન, ઉચ્ચ વિચાર અને પ્રમાણિક વ્યવહારને અમો સદાય આત્મસાત કરીએ છીએ. પરિવાર જેમના માટે મંદિર સમાન હતું. પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું. અને પ્રેરણારૂપ સમા વડીલ જેમના દરેક વિચારમાં દાન-ધર્મ અને કર્મની નીતી વસેલી હતી.

આપે લીધી વિદાય તમારી બોલતી તસ્વીર જોઈને નથી થતો સ્વીકાર કે આપ નથી હયાત સ્થૂળદ્રષ્ટિએ ભલે તમે નથી અમ સાથ. પણ હૈયું અને મન કહે છે, તમે અહીં જ છો અમ આસપાસ....

આપે કરેલ એવા કર્મો કે જે સદાય તમોને યાદ કરતા રહીએ તમો સદાય અમ નજર સમક્ષ રહેશો. પરમાત્મા તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના.

**માતા-પિતા : સ્વ. પ્રભાવતીબેન નગીનદાસ ગોકળદાસ શાહ**

| | | | |
|---|---|---|---|
| પત્ની | : ભારતીબેન શાહ | પુત્ર-પુત્રવધુ | : રિતેશ - મોનાલી |
| ભાઈ-બહેન | : કુમારભાઈ, ભારતીબેન દિપેન્દ્રભાઈ શાહ | ભાભી | : વર્ષાબેન કુમારભાઈ શાહ |
| | જયશ્રીબેન નલીનભાઈ શાહ, | પૌત્ર-પૌત્રી | : હેમ તથા વેલીકા |
| | નીરૂપમાબેન ગીરીશભાઈ ગાંધી | ભત્રીજા-ભત્રીજાવહુ | : વિશાલ-શ્વેતા તથા રાજ, પ્રિયલ |
| | | કુટુંબ સ્તંભ | : લાલચંદ ગોવિંદજી શાહ પરિવાર |

**સદ્‌ગતના આત્મશ્રેયાર્થે સાધર્મિક ભક્તિ રૂ.૧૦૦૦/- કેળવણી સહાય રૂ. ૧૦૦૦/- પત્રિકા ભેટ રૂ. ૧૦૦૦/- તપસ્વી બહુમાન રૂ. ૧૦૦૦/- શ્રી સંઘને ભેટ આપેલ છે.**

Publisher : Ketan Arvind Shah on Behalf of Shree Zalawad Jain Swetamber Murtipujak Sangh, 175, Vallabhdas Kanji Bldg., 2nd Floor, Princess Street, Kalbadevi, Mumbai - 400 002. ● Printer : BHAVIN SHARAD GANDHI Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (East), Mumbai-400011. Mobile : 9867540524. ● Editor : Mukesh Uttamchand Shah. 175, Vallabhdas Kanji Bldg., 2nd Floor, Princess Street, Kalbadevi, Mumbai - 400 002.